Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈનધર્મ પ્રકાશ

પુસ્તક ૬૪ મું ] [ અંક ૯ મો.

આષાઢ

ઈ. સ. ૧૯૪૮ ૫ મી જુલાઈ

વીર સં. ૨૪૭૪ વિક્રમ સં. ૨૦૦૪

પ્રગટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

પુસ્તક ૬૪ મું
અંક ૯ મો.
આષાઢ
વીર સં. ૨૪૭૪
વિ. સં. ૨૦૦૪

## अनुक्रमणिका

૧. શ્રી સિદ્ધગિરિ સ્તવન ... ... (મુનિશ્રી શિવાનંદવિજયજી) ૨૦૩
૨. मन को उपालंभ ... ... ... (શ્રી બાલચંદ હીરાચંદ) ૨૦૪
૩. શ્રી મહાવીરજિન સ્તવન ... ... (કવિ ભગવાનભાઇ જેચંદભાઇ) ૨૦૫
૪. દેહ-આત્મ-વાદ : ૨ ... (શ્રી ચુનીલાલભાઇ મોહનજી દોશી) ૨૦૬
૫. તાત્ત્વિક વિચારણા ... (આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ) ૨૧૧
૬. પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા ... ... ... ...
(ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા M.B.B.S.) ૨૧૬
૭. ધાર્મિક ટ્રસ્ટોની તપાસ-સમિતિ ... ... ... ... ૨૨૦

---

## "પ્રકાશ" સહાયક ફંડ

વૈશાખના અંકમાં જણાવી ગયા પછી, "પ્રકાશ" સહાયક ફંડમાં નીચે પ્રમાણે સહાયની રકમ મળી છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૨૭૯।। | અગાઉના | |
| ૧૦) | શાહ દલીચંદ નાનચંદ | મુંબઇ |
| ૧૦) | હસ્તીમલજી ધાસીરામજી સુરાણા | શિવગઢ |
| ૬।। | શાહ ચીમનલાલ માણેકચંદ | સુરત |
| ૫) | શાહ શામજી દામોદર | રાજકોટ |
| ૧।। | શાહ દલીચંદ પરમાણંદ | લાકોલ |
| ૩૧૨।। | | |

ગત માસમાં "પ્રકાશ"નું લવાજમ વસુલ કરવા માટે વી. પી. કરવામાં આવેલ, તે પૈકી કેટલાક બંધુઓના વી. પી. શરતચૂકથી પાછા ફર્યાં જણાય છે, તે બંધુઓને જણાવવાનું કે-તેઓ પોતાનું ચઢેલ લવાજમ મોકલી આપી, પ્રકાશને પડતા તૂટામાં પોતાનો યોગ્ય ફાળો નોંધાવે. કેટલાક બંધુઓએ સ્થળાંતર કરવાને કારણે વી. પી. પાછા ફર્યા છે, તો તે બંધુઓ પોતાનું ચોક્કસ શિરનામું અમોને લખી જણાવે અને પોતાનો ફાળો "પ્રકાશ" સહાયક ફંડમાં ન મોકલ્યો હોય તો સત્વર મોકલી આપે એ જ વિજ્ઞપ્તિ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ

| | | |
|---|---|---|
| પુસ્તક ૬૪ મું. અંક ૯ મો | : આષાઢ : | વીર સં. ૨૪૭૪ વિ. સં. ૨૦૦૪ |

## શ્રી સિદ્ધગિરિ સ્તવન.

(રાગ—એ પંખીડા તું જાજે પ્રભુજીના દેશમાં—)

ઓ જીવડા! તું જાજે તીર્થના ધામમાં,
તે દીપે સોરઠ શુદ્ધ દેશમાં ॥ ઓ૦ જી૦ ॥ ૧ ॥
ત્યાં જઇ રહેજે ઋષભજિન ધ્યાનમાં,
તે વિરાજે સિદ્ધગિરિ તીર્થની ટુંકમાં ॥ ઓ૦ જી૦ ॥ ૨ ॥
ત્યાં જઇ સિધ્યા અનન્ત એક તાનમાં,
તેથી એ સમ તીર્થ નહિ ત્રિભુવનમાં ॥ ઓ૦ જી૦ ॥ ૩ ॥
દુર્ભવી અભવી નજર ન આવે એ તીર્થ ધામમાં,
સિધ્યા પામી આનંદ એ ગિરિ છાયામાં ॥ ઓ૦ જી૦ ॥ ૪ ॥
તેથી સેવો ભવી એ તીર્થ શુદ્ધ સાનમાં,
પશુ પાણુ સુગતિ પાવે એ તીર્થના ધ્યાનમાં ॥ ઓ૦ જી૦ ॥ ૫ ॥
વેર વિરોધ નિવારો એ તીર્થના સ્થાનમાં,
લહો શિવાનન્દ એ સિદ્ધગિરિ ધ્યાનમાં ॥ ઓ૦ જી૦ ॥ ૬ ॥

—મુનિશ્રી શિવાનન્દવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# मन को उपालंभ !

ओ मित्र मन ! तुझ को कहूं मैं प्रेम के दो शब्द से ।
सुन न तूं कुछ मान ले हितवचन सुन ले प्रेम से ॥ १ ॥

तूं चपल अस्थिर भटकता विश्राम पल तुझ को नहीं ।
मंदिर प्रभू के भजन में जप जाप्य पूजन में सही ॥ २ ॥

निरोध करता भटक के मुझ आत्म को भटका रहा ।
हर पल घडी तूं विकृति करता क्या कहूं तुझ को अहा ! ॥ ३ ॥

क्या यह करूं क्या वह करूं निश्चय न तूं करता रहा ।
क्षण एक परिवर्तन कराता अथिर मुज करता रहा ॥ ४ ॥

सामायिकादि ध्यान में मंगल सुपौषधशाल में ।
व्यापार तूं करता खडा, संसार के व्यवहार में ॥ ५ ॥

मिष्टान्न खाऊं मिरच खाऊं शिथिल निश्चय हो रहे ।
ऐसे नचाता तूं हमेशा कौन तुझकू क्या कहे ? ॥ ६ ॥

मोहक गुण का स्थान पाया उच्चता में जा रहा ।
ऐसे गुणी को भी गिराता घोर गर्ता में अहा ! ॥ ७ ॥

साधू बनीं व्रत को उच्चारें वंद्य सब को जो हुवा ।
पलटा दिया शुभ भाव उसका क्या कहूं तुझ को हुवा ॥ ८ ॥

काम क्रोध कू और मान कू या और मायाजाल कू ।
तूं लोभ दुष्मन कू बुलाता पतित करता संत कू ॥ ९ ॥

ज्ञानी बडे शास्त्री हुए सब पंडितों कू जीतते ।
तेरी न हो अनुकूलता ये भी घडाघड गीरते ॥ १० ॥

तूं तो अहंकृति बाँस पर ऊंचे चढा के पटकना ।
पर्दा उन्हों की आँखपर तूं ढांकता नहीं छोडना ॥ ११ ॥

जो नाश घडाघड आत्मगुण को भूल के वे भटकते ।
तेरी कृति से दीर्घ संसृति मे भवो में लटकते ॥ १२ ॥

हे आत्म राजा का अरे ! तूं खास सेवक जान ले ।
तूं कर मायावी आत्म पर नचवा रहा पहिचान ले ॥ १३ ॥

मर्कट कहे कोई विविध चंचल नाम तुझ को दे रहे ।
बिजली कहे कोई अथिरता का तूं नमूना कह रहे ॥ १४ ॥



For Private And Personal Use Only

तूं तो अरूपी है न दिखता तुझे पकडूं मैं कहां ?।
दिखता न तूं पर कभी करता निगरना की तूं महा ! ॥ १५ ॥
पल एक में इस देश से जाता तुरत परदेश में।
पल पल बदलता ख्याल तूं तो नित्य ही आवेश में ॥ १६ ॥
जप ध्यान नियम योग से तुझ को करूं वश में कभी।
तो चपलता तेरी वहां भी आ खडी होती तभी ॥ १७ ॥
वश तूं अगर हो आत्मबल से धन्य तुझ को मैं कहूं।
कब दिन दिखे ऐसा अनोखा यह सदा झांखे रहूं ॥ १८ ॥
दिन एक ऐसा वश करूं तुज धन्य मैं हो जाऊँगा।
निज स्वरूप वैभव निरखूँगा प्रभु चरण में गुण गाऊँगा ॥ १९ ॥
तुजकू किया वश आत्मबल से धन्य जग में वे भले।
बालेन्दु को हो वन्द्य निशदिन प्रार्थनातरु तव फले ॥ २० ॥

—बालेन्दुः ( साहित्यचंद्र ) ।

# શ્રી મહાવીર જિન સ્તવન.

( ઘડપણમાં ગોવીંદ ગાશું—એ રાગ )

એક અર્જ સુણોને અમારી, પ્રભુજી મારા, અર્જ સુણોને—એ ટેર.
મને સંસારમાં તમે રાખ્યો, આપે શિવસુખનો રસ ચાખ્યો;
આ ભવ અટવીમાં નાખ્યો. પ્રભુજી૦ ૧
ચંદનબાળાને લીધી તુમે તારી, ચંડકોશીયો લીધો ઉગારી;
હવે શી ગતિ થાશે અમારી? પ્રભુજી૦ ૨
ચાર કષાયો મુજને લૂંટે, એક બાજુ આઠ મદ ઝૂંટે;
એવી જંજાળ કેમ કરી છૂટે? પ્રભુજી૦ ૩
આશા તૃષ્ણા બે રાક્ષસી વળગી, તે તો જરી ન થાયે અળગી;
અંતરઆત્મા તણી છે સળગી. પ્રભુજી૦ ૪
તુજ સેવા કરતા મન આવે, તેર કાઠીઆ આડા આવે;
ને સમકિતથી પાછો હઠાવે. પ્રભુજી૦ ૫
પાંચ ઇંદ્રિય જોર કરે આજું, તેને નિત નિત દેઉં તાજું;
તેથી મારા મનમાં ભારૂ લાગું. પ્રભુજી૦ ૬
વીર જિનંદ વિમળ મતિ આપો, સેવક પોતાનો કરી થાપો;
કહે ભગવાન અક્ષય સુખ આપો. પ્રભુજી૦ ૭

કવિ ભગવાનભાઈ જેચંદભાઈ—નરસ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દેહ—આત્મ—વાદ

૨

(લેખક શ્રી [illegible] દોશી)

જીવનમાં પ્રાપ્ત કરવાના ધ્યેય માટે જેવી રીતે દરેક પ્રાણીની જાણે કે અજાણે પ્રવૃત્તિ જોવામાં આવે છે, તેવી રીતે ભૂતકાળની અસર પણ વર્તમાનકાળમાં માણસના ઉપર સતત પડતી જોવામાં આવે છે. આ અસર સ્મૃતિ-સ્મરણશક્તિના સ્વરૂપનો સવાલ ઊભો કરે છે. સ્મરણશક્તિ જડ વસ્તુનો ગુણ ન હોઈ શકે. જડથી વ્યતિરિક્ત જીવ જેવા ચેતનાવાળા પદાર્થનો જ ગુણ હોઇ શકે. એટલે જીવન્ત દેહમાં પુદ્ગલથી બનેલ શરીર ઉપરાંત ચેતનાવાળા જીવ પદાર્થનું અસ્તિત્વ સાબિત થાય છે.

જડવાદી માનસવેત્તાઓ એવો ખુલાસો કરે છે કે-માણસમાં સ્મૃતિશક્તિનો આધાર જીવ જેવો સ્વતંત્ર પદાર્થ નથી, પણ શરીરના ઉપર ઇંદ્રિયોદ્વારા અનેક પ્રકારના પદાર્થોના જે આઘાત પ્રત્યાઘાતો (Stimuli) પડે છે, તેની અસર મગજના જ્ઞાનતંતુઓમાં ગોઠવાઇને રહે છે અને વર્તમાનકાળમાં તેવા આઘાતોને જાગ્રત કરનાર પ્રસંગો બને છે એટલે મગજના તંતુઓમાં સ્પંદન થતા ભૂતકાળના પ્રસંગો જાગ્રત થાય છે તેમાં જીવ કે મન કાંઇ કામ કરતું નથી. જેમ અમુક સૂરમાં ગોઠવાયેલ વાજીંત્રના તંતુઓ તેને સાનુરૂપ બીજા વાજીંત્રના તંતુઓના સ્પંદનથી સરખા સૂર કાઢે છે, તેમ મગજના જ્ઞાનતંતુઓ પણ કામ કરે છે. આવા પ્રકારની સ્મૃતિના આધાર માટે જીવ જેવા સ્વતંત્ર તત્ત્વની શરીરમાં જરૂર નથી. જડવાદી માનસવેત્તાઓનું સ્મૃતિના સ્વરૂપનું આ પ્રકારનું વિવરણ વ્યાજબી નથી. આ દલીલ પ્રમાણે સ્મરણ અને અનુભવ એક જ વસ્તુ બની જાય છે. દાંતના ડૉકટર પાસે દાંત કઢાવતા મને દુઃખ થયું હોય, તેની ત્યારપછી સ્મૃતિ થાય, ત્યારે અનુભવ અને સ્મરણ એક જ વસ્તુ હોય તો બીજે દિવસે દાંત કઢાવવાની હકીકત સ્મરણમાં આવતાં પણ પહેલાં થયું તેવું જ દુઃખ અનુભવાય. આ પ્રમાણે કદી બનતું નથી, માટે પહેલાનો અનુભવ સ્મરણમાં આવતાં અનુભવથી જૂદા જ પ્રકારનો છે. મગજના ગોઠવાયેલ જ્ઞાનતંતુઓનું જ ફક્ત સ્પંદન નથી એટલે સ્મરણશક્તિના ખુલાસા માટે મન જેવા અમૂર્ત ચૈતન્ય તત્ત્વની જરૂર રહે છે.

દરેક જીવનો સુખ દુઃખનો-શાતા અશાતા વેદનાનો અનુભવ થાય છે. શરીરમાં થતા ફેરફારોથી જ સુખદુઃખની લાગણી થાય છે એવું જડવાદી માનસવેત્તા [illegible] કહેવું યુક્તિપુરસ્સર નથી. ઘણી વખત શરીરને બહારનું કાંઇપણ કારણ મળ્યા વિના માણસને સુખ દુઃખ થાય છે. એક તાર ઘરે આવે કે જૂદા જૂદા પ્રકારની લાગણી થાય છે. ખુશી સમાચારની હકીકત તારમાં હોય તો આનંદ થાય છે. ખરાબ સમાચાર હોય તો દુઃખ થાય છે. એટલું જ નહિ પણ તે દુઃખ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને સુખની લાગણીમાં પણ તરતમતા હોય છે. માણસના મૃત્યુના સમાચાર સાંભળવાથી આપ્તજનોને તેટલું દુઃખ થાય તેટલું આડોશી પાડોશીને ન થાય. વિરોધીને તો આનંદ થાય. એક જ પ્રસંગથી ઉત્પન્ન થતાં સુખ–દુઃખમાં આવી ભિન્નતાનો રંગ પૂરનાર જડ દેહ ઉપર પડતા જુદા પ્રકારના આઘાતો નથી પણ દેહમાં રહેલ અગમ્ય શક્તિવાળો જીવ છે. એક સ્રીનું રૂપ જોવાથી તેના પતિને રાગ થાય છે, માતાપિતાને સ્નેહ–વાત્સલ્યતા થાય છે, વિરોધીને ઇર્ષ્યા થાય છે, સંતપુરુષને વૈરાગ્ય થાય છે; દૃષ્ટિમાં આવતું સ્રીનું રૂપ સમાન હોવાથી તેના બીજાના શરીર ઉપર પડતા ભૌતિક આઘાત–પ્રત્યાઘાતો તો સરખા જ હોય છે, છતાં જૂદી જૂદી લાગણી થાય છે તે બતાવે છે કે જૂદી જૂદી લાગણીઓનું કારણ શરીર ઉપર પડતા બહારના આઘાતો જ નથી, પણ અંદર રહેલ જીવ જેવો કોઇ શક્તિવાળો પદાર્થ છે. તેવી જ રીતે સંગીત સાંભળવામાં, ચિત્ર જોવામાં, કુદરતને નિહાળવામાં, કવિતા વાંચવામાં, સ્થાપત્ય કે શિલ્પના નમૂનાઓ જોવામાં–જૂદા જૂદા માણસો ઉપર શારીરિક આઘાતો તો સરખા જ થાય છે, પણ માનસિક આનંદમાં ઘણી તરતમતાઓ હોય છે. જો શારીરિક આઘાતો જ આનંદનું કારણ હોય અને તેને પીછાણનાર ચૈતન્ય જેવી શક્તિવાળો આત્મા ન હોય તો આનંદમાં તરતમતા હોવાનું કારણ નથી.

આપણા જ્ઞાનમાં ઇંદ્રિયોદ્વારા રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ વિષયો ફક્ત છૂટા છૂટા આવતા નથી; પણ તેની પાછળ રહેલ વસ્તુની એકતાનું આપણને જ્ઞાન થાય છે. આ એકતાનું જ્ઞાન ભૌતિક વસ્તુના ફક્ત અવગ્રહથી થઇ શકે નહિ પણ તેની પાછળ સમન્વય કરનાર શક્તિવાળો જીવ જેવો પદાર્થ હોવો જોઇએ.

આ બધી દલીલો ઉપરથી એવું સિદ્ધ થાય છે કે–જીવન્ત દેહમાં (Living organism) શરીર અને મગજ સિવાય એક જૂદું અમૂર્ત તત્ત્વ છે, જેને આપણે મન કે આત્મા કહીએ છીએ. આ તત્ત્વને મગજ સાથે ઘણો ગાઢ સંબંધ છે, છતાં મગજમાં થતા જ્ઞાનતંતુઓના ફેરફારોને પ્રકાશિત કરનાર મગજના બંધારણની આસપાસ રહેલ તેજનો ફક્ત એક અંબાર (glow or halo) નથી, પણ તે ચૈતન્ય તત્ત્વ મગજથી સ્વતંત્ર છે, અને સ્વતંત્ર હોવાથી પૌદ્ગલિક શરીરનું નિયંત્રણ કરે છે, અને તેને કાબુમાં રાખે છે, જેવી રીતે મોટરને હાંકનાર મોટરના યાંત્રિક ભાગોનું નિયંત્રણ કરે છે. મન આ પ્રમાણે સક્રિય સર્જન કરનાર અને સમન્વય કરનાર તત્ત્વ છે. ઇંદ્રિયોદ્વારા મળતા બહારના સંદેશાઓ ઝીલીને–ગોઠવીને નવી રચના કરે છે, એટલું જ નહિ પણ ઘણી વખત ગતિમાં મૂકનાર બહારના સંદેશાઓ મેળવ્યા વિના પણ ક્રિયા કરી શકે છે; માટે ભૌતિક

For Private And Personal Use Only

અને ભૌતિક શરીરથી જ્ઞાનના ગુણવાળી જીવ જેવી અન્ય વસ્તુ નથી એ જડવાદી માનસવેત્તાઓનું કહેવું યથાર્થ નથી. પુદ્ગલ અને જીવ ભિન્ન ભિન્ન દ્રવ્ય છે, એક બીજામાંથી ઉત્પન્ન થતા નથી, એક બીજામાં લય પામતા નથી, એવો જૈન દર્શનનો તો મૂળ સિદ્ધાંત છે. છ સ્વતંત્ર દ્રવ્યો માન્યા છે તેમાં અરૂપીમાં સમાવેશ થતાં પુદ્ગલને ભિન્ન દ્રવ્ય માન્યું છે. આ મૂળભૂત સિદ્ધાંત હોવા છતાં, જીવ દ્રવ્ય પંચ મહાભૂતમાંથી ઉત્પન્ન થતું નથી, તેમાં લય પામતું નથી, અનન્ત શરીરમાં પૌદ્ગલિક શરીરનો અંશ જીવ નથી અને શરીરનો નાશ થવા છતાં પણ જીવ દ્રવ્ય કાયમ રહે છે—આ તમામ દલીલોનો ઘણા વિસ્તારથી જૈન શાસ્ત્રમાં સ્ફોટ કર્યો છે.

વિશેષાવશ્યકની વૃત્તિમાં પ્રથમ ગણધર અને ત્રીજા ગણધર સાથેની ચર્ચામાં આ મુદ્દા ચર્ચવામાં આવ્યા છે. પ્રથમ ગણધર ઇન્દ્રભૂતિ મહારાજને ભગવાને પૂછયું છે કે, તારા મનમાં આત્મા છે કે નહિ ? તેનો સંશય છે, અને તેનું કારણ એ છે કે—જીવ પ્રત્યક્ષ નથી, અનુમાનગમ્ય નથી, આગમોમાં પરસ્પર વિરુદ્ધ વચનો છે. ભગવાન કહે છે કે—હે ગૌતમ ! આ તારો સંશય યથાર્થ નથી. આત્મા છે કે નહિ આ તારું સંશયરૂપી વિજ્ઞાન સ્વસંવેદનસિદ્ધ તારા હૃદયમાં જે સ્કુરે છે તે જ જીવ છે. સંશય એક પ્રકારનું જ્ઞાન છે, જ્ઞાનગુણ જડમાં હોઈ શકે નહિ એટલે જડથી ભિન્ન સંશય જ્ઞાનનો ગુણી હોવો જોઈએ. તે આત્મા છે અને જે પ્રત્યક્ષ છે તેની સાબિતી માટે બીજા પ્રમાણની જરૂર નથી. તે પ્રમાણે મેં કર્યું, હું કરું છું, હું કરીશ, મેં જાણ્યું, હું જાણું છું, હું જાણીશ એવો જે ત્રણ કાળ સાથે સંબંધ રાખતો અહં—મારાપણાનો પ્રત્યય તે પણ આત્માનું પ્રત્યક્ષપણું બતાવે છે. આવા જ્ઞાનનો આધાર દેહ ન હોઈ શકે, કારણ દેહ મૂર્ત છે, જડ છે જ્યારે સંશયજ્ઞાન, અહંજ્ઞાન અમૂર્ત બોધરૂપ છે. જો દેહનો જ આવો ગુણ હોય તો મૃત શરીરમાં પણ આવું જ્ઞાન હોવું જોઈએ. તે પ્રમાણે સ્મૃતિ જિજ્ઞાસા ( જાણવાની ઇચ્છા ), ચિકીર્ષા ( કરવાની ઇચ્છા ) આદિ જ્ઞાન ગુણો આત્મઅનુભવથી પ્રત્યક્ષ છે, તો તેનો ગુણી આત્મા પણ પ્રત્યક્ષ છે, જેમ રૂપ, સ્પર્શ આદિ ગુણોથી ઘટ પ્રત્યક્ષ છે, તેમ જ્ઞાનગુણોથી જ્ઞાની—આત્મા પ્રત્યક્ષ છે. ભગવાન કહે છે કે—હે ગૌતમ ! તું છદ્મસ્થ હોવાથી તને આત્મા અંશતઃ પ્રત્યક્ષ છે. કેવલીને આત્મા સંપૂર્ણ—સર્વ પ્રકારે પ્રત્યક્ષ છે. તે પ્રમાણે જેવી રીતે જ્ઞાનાદિ પ્રત્યક્ષ છે, તે પ્રમાણે અનુમાનથી બીજાના શરીરમાં આત્માની સાબિતી થાય છે, કારણ અન્ય દેહમાં પણ આપણા દેહની જેવી ઇષ્ટ વસ્તુ માટે પ્રવૃત્તિ અને અનિષ્ટ માટે નિવૃત્તિ જોવામાં આવે છે. મૂર્ત જડ દેહ સાથે અમૂર્ત બોધરૂપ આત્માનો કેમ સંબંધ થઈ શકે ? તેનો જવાબ જૈન શાસ્ત્રકાર આપે છે કે—સંસારી જીવ આઠ કર્મપુદ્ગલસંતાનવાળો અર્થાત્ કાર્મણ શરીર યુક્ત

હોવાથી કથંચિત્ મૂર્ત પણ છે. એટલે મૂર્ત અમૂર્તના સંબંધનો સવાલ [illegible] જડને આ રીતે ઉપસ્થિત થતો નથી.

આવો આત્મા પ્રત્યક્ષ, અનુમાન અને આગમ પ્રમાણથી ઉપર પ્રમાણે સિદ્ધ થાય છે. જેમ આત્મા જડ પુદ્ગલથી ભિન્ન છે તેમ અન્યોન્ય આત્મા પણ એકબીજાથી ભિન્ન છે.

ત્રીજા ગણધરવાદમાં જીવ દેહથી ભિન્ન છે કે દેહનો એક અંશ છે તે સવાલ વિશેષ દલીલોથી ચર્ચવામાં આવ્યો છે. આત્મા છે કે નહિ એનો સંશય આગમોના વિરુદ્ધ વચનોથી પ્રથમ ગણધરને થયો હતો તેનો ખુલાસો પ્રથમ ગણધરવાદમાં બતાવવામાં આવ્યો છે. ત્રીજા ગણધરવાદમાં આ સવાલને સંકુચિત કરી દેહ એ જ જીવ છે અર્થાત્ ચેતનાનું ઉપાદાન કારણ દેહ છે કે દેહથી ભિન્ન બીજું કોઈ તત્ત્વ જીવન્ત શરીરમાં ( Living organism ) છે તે સવાલ ચર્ચાનો વિષય બનાવવામાં આવ્યો છે. આ સવાલ ઊભો થવાનું કારણ એ છે કે ચેતનાદિ ગુણો જીવન્ત શરીરમાં જ દેખાય છે, શરીર સિવાય બીજા કોઈ સ્થાને આ ગુણો દેખાતા નથી, માટે શરીર એ જ જીવ છે એવી શંકા ઊભી થાય છે. ભગવાન વાયુભૂતિ નામના ત્રીજા ગણધરને પ્રથમ જ એ સવાલ પૂછે છે કે **तज्जीवस्तच्छरीरमिति संशयो** તે જ વસ્તુ જીવ છે તે જ વસ્તુ શરીર છે એવો તારા મનમાં સંશય છે. એટલે કાલના માનસવેત્તાઓ જે સવાલ ચર્ચે છે કે મન શરીરનો એક અંશ છે કે શરીરથી ભિન્ન તે જ સવાલની ચર્ચા અહીં કરી છે અને શરીરથી મન અર્થાત્ આત્મા ભિન્ન છે તે દલીલોથી અહીં સાબિત કરવામાં આવ્યું છે.

જ્ઞાનાદિ ગુણો દેહમાં જ જોવામાં આવે છે, દેહથી અતિરિક્ત બહાર જોવામાં આવતા નથી, માટે દેહ જ જ્ઞાનાદિ ગુણોનો આધાર—જ્ઞાનાદિ ગુણોનું ઉપાદાન કારણ હોવું જોઈએ એવી દલીલ થાય છે; જેવી રીતે માદક ગુણ મદ્યપદાર્થ ગોળ, મહુડા વિગેરે જુદા પદાર્થોમાં જણાતો નથી, પણ તેના મિશ્રણમાંથી ઉત્પન્ન થતો દેખાય છે, તેવી રીતે ચેતના, પૃથ્વી આદિ જુદા ભૂતોમાં દેખાતી નથી પણ એકબીજાના મિલન થવાથી દેખાય છે, એટલે ચેતનાનું કારણ ભૂતોનું બનેલ શરીર છે, શરીરથી ભિન્ન ચેતનાનું બીજું આત્મા જેવું કારણ નથી. જેવી રીતે જુદા જુદા તારો ગોઠવવાથી વીજળીનો દીવો પ્રકટ થાય છે, તારોની ગોઠવણ ન થાય તો વીજળીનો દીવો પ્રકટ થતો નથી, આથી વીજળીના દીવાનું કારણ વીજળીના તારોમાં જ રહેલું છે, તારોથી ભિન્ન બીજું કાંઈ કારણ નથી એવું માણસને પ્રથમદર્શને દેખાય છે. આ માન્યતા ખોટી છે. દીવાના તારોને વિદ્યુતશક્તિ સાથે સંબંધ છે, તે વિદ્યુતશક્તિનો પ્રવાહ તારોમાં સંચાર કરાવવામાં આવે છે, આ વિદ્યુતશક્તિના પ્રવાહને

For Private And Personal Use Only

નળીઓમાં આવતો અવકાશમાં આવે તો વીજળીના બલ્બ નારીઓ ગોળા જેવી ઓછાશક્તિ હોય તો પણ દીવા થતા નથી, એટલે વીજળીના તારો જ દીવાનું કારણ છે એ આપણી પ્રાથમિક માન્યતા ખોટી ઠરે છે. નળીઓમાં ઝંકાર વડી વિદ્યુતશક્તિ તારોથી ભિન્ન છે, ને દ્વારા તારોમાં તેનો સંચાર કરવામાં આવે છે, તે હકીકત આપણે જાણીએ છીએ, એટલે વીજળીના તારો જ દીવાના પ્રકાશનું કારણ છે એમ આપણે માનતા નથી; જ્યારે આત્મશક્તિ જેવી શક્તિ દેહથી વ્યતિરિક્ત કારણમાંથી દેહમાં સંચાર પામે છે એ આપણા અનુભવનો પ્રત્યક્ષ વિષય ન હોવાથી દેહ જ આત્મા છે અર્થાત્ દેહમાંથી જ આત્મશક્તિ ઉત્પન્ન થાય છે, અને દેહ સાથે જ લય પામે છે એવી ખોટી માન્યતા આપણને થાય છે, અને તેથી જ ત્રીજા ગણધર વાયુભૂતિના મનમાં આ સંશય થયો તેનું સમાધાન ભગવાને કરેલ છે.

દેહ ચેતનાનું કારણ નથી, એ હકીકત બીજી રીતે પણ સિદ્ધ થાય છે. જો દેહ ચેતનાનું કારણ હોય તો મૃત દેહમાં કાંઈ ચેતના દેખાતી નથી, એટલે દેહ હોવા છતાં ત્યાં અભાવ છે, માટે દેહ ચેતનાનું કારણ નથી. દેહ હોય ત્યાં જ ચેતના દેખાય, માટે દેહ જ ચેતનાનું કારણ–ઉપાદાન કારણ ન કહી શકાય. ફક્ત નિમિત્ત કારણ માની શકાય. ચક્ષુ આદિ ઇંદ્રિયો દ્વારા આપણને જ્ઞાન થાય છે, માટે તે ઇંદ્રિયો જ જ્ઞાનનું કારણ છે, ઇંદ્રિયોથી ભિન્ન કોઈ આત્મા જેવો પદાર્થ જ્ઞાનનું કારણ નથી એવી દલીલ થાય તે પણ માનવા જેવી નથી. ચક્ષુ આદિ ઇંદ્રિયોથી આપણને જ્ઞાન મળ્યું હોય તે જ્ઞાન, ઇંદ્રિયો કામ કરતી બંધ થઈ જાય ત્યારે પણ માણસને રહે છે, એટલે ઇંદ્રિયો જ જ્ઞાનનું કારણ છે એ કહેવું યથાર્થ નથી. દરેક ઇંદ્રિયનો વિષય જુદો છે. રૂપ ચક્ષુ ઇંદ્રિયનો વિષય છે, ગંધ ઘ્રાણેંદ્રિયનો વિષય છે, જુદી જુદી ઇંદ્રિયો દ્વારા પદાર્થના જુદા જુદા વિષયોનું જ્ઞાન થાય છે પણ સમસ્ત પદાર્થનું જ્ઞાન થતું નથી, એટલે સમસ્ત પદાર્થનું જ્ઞાન ધારણ કરનાર ઇંદ્રિયોથી ભિન્ન હોવો જોઈએ, જે આત્મા છે. આ વિચારણાથી પણ આત્મા ઇંદ્રિયોથી ભિન્ન હોવાનું સાબિત થાય છે.

ટૂંકામાં જીવ–આત્મા પંચમહાભૂતથી વ્યતિરિક્ત છે, શરીરનો જ અંશ નથી, શરીરથી ભિન્ન છે, ઇંદ્રિયોથી પણ ભિન્ન છે, એક સ્વતંત્ર તત્ત્વ છે, શરીરાદિનો કર્તા અને ભોક્તા છે, મતિ આદિ જ્ઞાનમાં ક્ષયોપશમ પ્રમાણે વિધવિધ રીતે વ્યક્ત થાય છે, અને કેવલજ્ઞાનની અવસ્થામાં સંપૂર્ણતાને પામે છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'તાત્ત્વિક વિચારણા'

લેખક:—આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

સંસારમાં વસ્તુ માત્રનું નિરીક્ષણ બે દૃષ્ટિથી થાય છે: એક તો સૂક્ષ્મ દૃષ્ટિ અને બીજી સ્થૂલ દૃષ્ટિ, આ બંને પ્રકારની દૃષ્ટિમાંથી સૂક્ષ્મ દૃષ્ટિથી તાત્ત્વિક બોધ થાય છે અને સ્થૂલ દૃષ્ટિ અતાત્ત્વિક વસ્તુનો બોધ કરાવે છે. માનવ જાતિ સ્થૂલ દૃષ્ટિને પ્રાધાન્યતા આપીને પોતાની સાંસારિક પ્રવૃત્તિમાં સફળતા મેળવતી રહી છે. પણ જેમની મનોવૃત્તિમાં સાંસારિક પ્રવૃત્તિની ઉપેક્ષા છે એવા તાત્ત્વિક વસ્તુસ્વરૂપની જિજ્ઞાસાવાળા સૂક્ષ્મ દૃષ્ટિને પ્રધાનતા આપીને સ્થૂળ દૃષ્ટિને ગૌણ રાખે છે, અને તેથી કરીને તેઓ તાત્ત્વિક બોધવાળા હોય છે કે જે બોધ સ્થૂળ દૃષ્ટિવાળાને અગમ્ય હોવાથી બુદ્ધિગ્રાહ્ય થઈ શકતો નથી.

માત્ર ઇંદ્રિયગ્રાહ્ય વસ્તુનો બોધ કરનાર અતીંદ્રિય ગ્રાહ્ય વસ્તુનો બોધ કરી શકતો નથી, માટે તેમને સમજાવીને પરોક્ષ વસ્તુઓનો બોધ કરાવવાને માટે અતીંદ્રિય જ્ઞાનવાળા મહાપુરુષોએ ઇંદ્રિયગ્રાહ્ય વસ્તુઓના ઉદાહરણથી સમજાવવા પ્રયાસ કર્યો છે. જે પરોક્ષ વસ્તુઓ સમજાવવાને માટે ઇંદ્રિયગ્રાહ્ય કોઈ પણ વસ્તુ મળી શકતી નથી તેના માટે સર્વજ્ઞોના વચનો ઉપર માત્ર શ્રદ્ધા રાખવાનું જણાવ્યું છે. સ્થૂલ દૃષ્ટિથી જોતાં તો જે વસ્તુઓનો બોધ ઇંદ્રિયોથી થાય છે તેને પ્રત્યક્ષ કહેવામાં આવે છે અને જેનો બોધ હેતુ તથા ઉદાહરણદ્વારા થાય છે તેને અનુમાન કહેવામાં આવે છે. કાને સાંભળ્યું, નજરે જોયું, સુંઘી જોયું, ચાખી જોયું, અડકી જોયું આમ કહીને જાણેલી વસ્તુ જણાવવામાં આવે છે તેને પ્રત્યક્ષ કહેવામાં આવે છે. બે વસ્તુના સંયોગને નજરે જોયા પછી એક વસ્તુને જોવા માત્રથી તેનાં સંયોગીનો બોધ થવો તે અનુમાન, અર્થાત વસ્તુને ઓળખાવનાર ચિહ્ન માત્રને જોઈને વસ્તુને જાણવી તે અનુમાન કહેવાય છે. જેમકે–જૈન સાધુની ઓળખાણ ઓઘા( રજોહરણ )થી થાય છે. તે ઓઘો અને સાધુનો સંયોગ ઘણી વખત જોનાર માણસ કોઈ ગામની શેરીમાંથી પસાર થતો હોય અને કોઈ મકાનમાં ઓઘો જો નજરે પડતો હોય પણ સાધુ ભીંતની આડમાં બેઠેલા હોવાથી નજરે ન પડતા હોય તો પણ જોનાર પોતાની સાથેના અણજાણ માણસને કહે કે–આ મકાનમાં જૈન સાધુ છે તો તે સાંભળનાર અણજાણ માણસ જરૂર પૂછવાનો જ કે તમે કેવી રીતે જાણ્યું ? ત્યારે તે ઉત્તરમાં જણાવે છે કે–જુઓ, પેલો ઓઘો પડ્યો છે. આવો ઓઘો જૈન સાધુઓ પાસે ઘણી વખત જોવામાં આવ્યો છે માટે આ ઓઘો પડ્યો છે જેથી જરૂર આ સ્થળે જૈન સાધુ હોવા જોઈએ. આવી જ રીતે પરોક્ષ વસ્તુઓ હેતુ દ્વારા અનુમાનથી જાણી શકાય છે અને તે અનુમાન અનેક પ્રકારનું છે. વસ્તુ ઇંદ્રિયગ્રાહ્ય હોય કે અતીંદ્રિયગ્રાહ્ય હોય પણ જે પરોક્ષ છે તેનો અનુમાનથી અથવા તો આગમથી બોધ થાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇંદ્રિયગ્રાહ્ય વસ્તુઓમાં પણ સૂક્ષ્મતા તથા સ્થૂળતા હોવાથી અત્યંત સૂક્ષ્મ વસ્તુઓ પ્રત્યક્ષ થતી નથી છતાં કેટલીક સૂક્ષ્મ વસ્તુઓ સાધનોદ્વારા પ્રત્યક્ષ થઇ શકે છે. જેમકે-સૂક્ષ્મદર્શક યંત્રથી ચક્ષુગ્રાહ્ય સૂક્ષ્મ વસ્તુઓ જણાય છે. આમળાથી પાણીની મધુરતા તથા વિજળીથી શબ્દ પ્રત્યક્ષ થાય છે. કેટલીક પરમાણુ જેવી રૂપી વસ્તુઓ સૂક્ષ્મતમ હોવાથી સાધનોદ્વારા પણ ઇંદ્રિયગ્રાહ્ય થઇ શકતી નથી. આવા પરમાણુઓ તથા ઇંદ્રિયઅગ્રાહ્ય અનંતાનંત પરમાણુના સ્કંધોનું સ્થૂળ પરિણામવાળા કાર્યથી અનુમાન થઇ શકે છે. જે જડાત્મક સ્થૂળ વસ્તુઓ સંસારમાં કાર્યરૂપે પ્રત્યક્ષ થઇ રહી છે તેનું કારણ અવશ્ય હોય છે. તે કારણને જ્યારે તપાસીએ ત્યારે તેનું પણ કારણ હોય છે. આવી રીતે કારણની પરંપરા જ્યાં જઇને અટકે છે તેને પરમાણુ કહેવામાં આવે છે. અર્થાત કાર્યનું પરંપરાથી આદિ કારણ છે તે જ પરમાણુ છે. પરમાણુના કોઇ પણ કારણ નથી કારણ કે તે કાર્ય નથી પણ અનાદિથી હોવાથી નિત્ય છે; માટે જ સ્થૂળપણે દૃષ્ટિગોચર થતી વસ્તુનું અંતિમ કારણ પરમાણુ હોઇ શકે છે. તે જ્યારે બે ભેગા થાય છે ત્યારે તેને સ્કંધ કહેવામાં આવે છે અને તે બે પરમાણુના સંયોગરૂપ કાર્ય હોવાથી પરમાણુ કારણ કહેવાય છે. જ્યારે ત્રણ પરમાણુ ભેગા થાય છે ત્યારે ત્રણ પરમાણુનો સ્કંધ કાર્ય કહેવાય છે અને બે પરમાણુનો સ્કંધ તેનું કારણ થાય છે, ત્યારે પરમાણુ કારણનું કારણ કહેવાય છે, કારણ કે તે દ્વયણુક સ્કંધનું કારણ છે. સ્કંધ એટલે જેના વિભાગ થઇ શકે એવી વસ્તુ. જ્યાં સુધી એક વસ્તુના બે ભાગ થઇ શકતા હોય ત્યાં સુધી તે સ્કંધ કહેવાય છે, પણ જ્યારે કેવળજ્ઞાનીની દૃષ્ટિમાં પણ એક વસ્તુના બે ભાગ ન થઇ શકે ત્યારે તે પરમાણુ કહેવાય છે. અને જેને દેશ કહેવામાં આવે છે તે પણ એક પ્રકારનો સ્કંધ છે. જ્યાં સુધી એક મોટા સ્કંધનો ટુકડો સ્કંધ સાથે વળગેલો હોય ત્યાં સુધી તે દેશ કહેવાય છે પણ જ્યારે તે સ્કંધમાંથી તૂટીને જુદો પડી જાય છે ત્યારે તે પણ સ્કંધ કહેવાય છે; કારણ કે તેના પણ પાછા અનેક દેશો હોય છે. આવી જ રીતે જ્યાંસુધી વસ્તુના વિભાગ થતા રહે ત્યાંસુધી તે સ્કંધ કહેવાય છે ( તે મોટા સ્કંધની સાથે વળગી રહેલા વિભાગો તે દેશ ) અને જ્યારે વસ્તુના કેવળીની બુદ્ધિથી પણ બે વિભાગ ન થાય ત્યારે તે સ્કંધ ન કહેવાતાં પરમાણુ કહેવાય છે. અને તે પરમાણુ જ્યાંસુધી સ્કંધની સાથે વળગેલા હોય ત્યાંસુધી તે પ્રદેશો કહેવાય છે. જેમકે-એક હજાર તાંતણાનું બનેલું કપડું તે સ્કંધ કહેવાય અને તેમાંથી આઠસો-સાતસો આદિ તાંતણાના ટુકડા જ્યાંસુધી હજાર તાંતણાના સ્કંધથી જુદા પડ્યા ન હોય ત્યાંસુધી તે દેશો કહેવાય છે પણ તે ટુકડાઓ હજારના સ્કંધમાંથી જુદા પડ્યા એટલે તે સ્કંધો કહેવાય છે. આ હજાર તાંતણાના કપડારૂપ સ્કંધમાં જેટલા તાંતણા છે તે બધાય પ્રદેશ કહેવાય છે. જ્યાંસુધી બે તાંતણાના સંયોગરૂપ સ્કંધ હોય ત્યાંસુધી તે કપડું કહેવાય પણ દેશ કહેવાય નહિં પણ જ્યારે બે

For Private And Personal Use Only

તાંતણા છૂટા પડી જાય છે ત્યારે તે દોરા કહેવાય છે પણ કપડું કહેવાતું નથી. તેવી જ રીતે બે પરમાણુઓનો સંયોગ હોય ત્યાં સુધી તે સ્કંધ અને છૂટા પડી જાય ત્યારે પરમાણુ કહેવાય છે. આ પ્રમાણે પરમાણુ રૂપી અજીવ હોવા છતાં પણ અત્યંત સૂક્ષ્મ હોવાથી પ્રત્યક્ષ થઇ શકતા નથી પણ કાર્યરૂપ સ્કંધોથી તેનું અનુમાન જ થઈ શકે છે. પરમાણુઓના સમુદાયરૂપ સ્કંધમાં સમુદાયરૂપે પરમાણુ પ્રત્યક્ષ છે પણ તેમને સ્કંધમાં પણ જુદા પાડીને દેખાડી શકાય નહિં.

ચક્ષુ( આંખ )થી વર્ણ તથા આકાર ગ્રહણ થાય છે. કોઇ પણ રૂપી વસ્તુ આકાર વગરની હોતી નથી, વસ્તુ સૂક્ષ્મ હોય કે સ્થૂળ હોય પણ તેનો કાંઈ કાંઈ આકાર તો હોય જ છે. પરમાણુનો પણ આકાર હોય છે, તો પછી તેના સમુદાયરૂપ સ્કંધોમાં આકાર કેમ ન હોય? પરમાણુઓના સમુદાયરૂપ સ્કંધોની રચનાવિશેષને આકાર કહેવામાં આવે છે. વર્ણ, ગંધાદિ ધર્મવાળા રૂપી દ્રવ્યો જ આકાર હોવાથી તે સાકાર કહેવાય છે, એને એ જ દૃષ્ટિથી આકારના અ... અરૂપી શુદ્ધાત્માને નિરાકાર કહેવામાં આવે છે. આ બંને–સાકાર તથા નિરા... અવસ્થાઓ અનેક સંખ્યાવાળા જીવાસ્તિકાય તથા પુદ્ગલાસ્તિકાયમાં સં... કારણ કે જે દ્રવ્યો દેશવ્યાપી છે પણ સર્વવ્યાપી નથી તેમાં જ સાકાર–નિરાકા... વ્યવસ્થા થઇ શકે છે. જે દ્રવ્યો સર્વવ્યાપી તથા અક્રિય હોઇને એક સંખ્યા... છે, તેનો આકાર બની શકતો નથી અને એટલા માટે જ ધર્માસ્તિકાય–અ... સ્તિકાય તથા આકાશાસ્તિકાય અરૂપી તો કહેવાય છે પણ નિરાકાર કહેવાતા... ધર્માસ્તિકાય આદિ દ્રવ્યો અરૂપી છે અને અક્રિય પણ છે એટલે તેનો આ... નથી, કારણ કે ક્રિયા સિવાય આકારો બની શકે નહિં તો પણ તે નિરાકાર કહેવાય નહિં; કારણ કે સાકાર તથા નિરાકારની વ્યાખ્યા જોતાં એમ સમજાય છે કે–અ... દિથી આકાર સહિત હોય તે સાકાર અને જે વસ્તુમાંથી આકાર નિકળી જાય તે નિરાકાર. જીવ તથા પુદ્ગલ બંને અનાદિ કાળથી આકારવાળાં છે. તેમાં પુદ્ગલા-સ્તિકાય તો આકાર રહિત થઈ શકતું જ નથી, કારણ કે તે વર્ણ, ગંધ આદિ ધર્મવાળું હોવાથી રૂપી છે. જો તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરીએ તો રૂપી વસ્તુઓ જ સાકાર હોય છે, અરૂપી હોતી નથી છતાં જીવની સાથે અનાદિકાળના કર્મ-સંયોગને લઇને તે અનાદિ કાળથી જ રૂપી કહેવાય છે અને તેથી તે સાકાર પણ કહેવાય છે. તેનાથી જ્યારે આકારના કારણભૂત કર્મનો સર્વથા વિયોગ થાય ત્યારે આત્માનું અરૂપી સ્વરૂપ પ્રગટ થવાથી તે નિરાકાર કહેવાય છે. એટલે આત્મામાંથી આકારના કારણરૂપ જડ દ્રવ્યો નીકળી જવાથી તેની નિરાકાર અવ... પ્રગટ થાય છે. પણ તે આત્મા અનાદિકાળથી જ નિરાકાર નથી હોતા અને આત્માને અનાદિકાળથી જ નિરાકાર તથા એક માનવામાં આવે તો અના... ઇશ્વર સિદ્ધ થાય છે. અને જો તેમ થાય તો પછી જગત જેવી કોઈ વસ્તુ... રહેતી નથી. અને જો નિરાકાર અનેક આત્માઓ માનીએ તો અનાદિથી અને...

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. પણ અનાદિ એક ઈશ્વર માનવાવાળા–નાના-અનેક આત્મા માનતા નથી પણ અનાદિ શુદ્ધ નિરાકાર એક ઇશ્વર જ અનેક રૂપે સંસારની વિચિત્રતાનું કારણ માને છે. અનાદિકાળથી અનેક આત્માઓ છે પણ તેમાં એક આત્મા નિરાકાર અને સર્વશક્તિમાન છે અને બાકીના બધાય સાકાર છે. જો એમ માનીએ તો અનાદિથી જે સ્વરૂપે નિરાકાર છે તે નિરાકાર જ રહેવાનો અને જે સ્વરૂપે સાકાર છે તે સાકાર રહેવાના. સાકાર નિરાકાર નહિં થાય અને નિરાકાર સાકાર નહિં થાય, કારણ કે અનાદિથી જે વસ્તુ જે સ્વરૂપવાળી હોય છે તે જ સ્વરૂપે રહે છે. ગમે તેવા સંયોગોમાં પણ વસ્તુ પોતાના અનાદિ સ્વરૂપને છોડતી નથી અને જો વસ્તુ પોતાના સ્વરૂપને છોડી દે તો પછી જડ ચેતન થાય અને ચેતન જડ થઇ જાય. કરીઆતુ સાકર અને સાકર કરીઆતું થાય આવી રીતે જગતમાં વસ્તુસ્વરૂપની અવ્યવસ્થા થવાથી વસ્તુમાત્રનો અભાવ થઇ જાય છે. જ્યારે સાકાર આત્મા નિરાકાર બની શકે નહિં તો પછી નિરાકાર ઇશ્વરની ઉપાસના કરવી વ્યર્થ છે. આ બધાય કારણો તપાસતાં આત્મા અનાદિથી જ સ્વરૂપે તો નિરાકાર છે પણ પર રૂપે–અનાદિ કર્મસંયોગરૂપે સાકાર છે, તે જ્યારે કર્મથી મુકાય છે ત્યારે પોતાનું સ્વરૂપ પ્રગટ થવાથી નિરાકાર કહેવાય છે. એટલે કે જે અનાદિ કાળથી પર રૂપે સાકાર હતો તે જ સ્વરૂપે નિરાકાર થયો. આ ઉપરથી એમ પણ સિદ્ધ થાય છે કે–કોઇ પણ આત્મા અનાદિથી નિરાકાર નથી પણ જેટલા નિરાકાર આત્મા છે તે બધાય સાકારમાંથી નિરાકાર બન્યા છે. પુદ્‌ગલ દ્રવ્ય તો સ્વરૂપથી રૂપી હોવાથી સ્વરૂપથી જ સાકાર છે એટલે તે સક્રિય હોવા છતાં પણ નિરાકાર બની શકે જ નહિ. તે સિવાયના ધર્માસ્તિકાયાદિ ચાર દ્રવ્યોમાંથી આત્મદ્રવ્યમાં જ નિરાકારતા ઘટી શકે છે; કારણ કે તે કર્મના સંસર્ગથી રૂપી–સક્રિય તથા સાકાર છે અને બાકીના ત્રણ દ્રવ્યો અનાદિથી જ શુદ્ધ હોવાથી અરૂપી–એક–સર્વવ્યાપી તથા અક્રિય હોવાથી તેમાં સાકારતા તથા નિરાકારતા જેવું કશું ય હોતું નથી. જે દ્રવ્ય સ્વરૂપથી જ સર્વવ્યાપી હોઇને એક હોય છે તે અરૂપી તથા અક્રિય હોય છે અને જે દ્રવ્ય સ્વરૂપથી દેશવ્યાપી હોઇને અનેક હોય છે તે રૂપી તથા સક્રિય પણ હોય છે, માટે જીવ દ્રવ્ય તથા પુદ્‌ગલ દ્રવ્ય આ બન્ને દ્રવ્યમાંથી પુદ્‌ગલ દ્રવ્ય સ્વરૂપથી જ રૂપી તથા સક્રિય છે. અને જીવ દ્રવ્ય સ્વરૂપથી તો અરૂપી તથા અક્રિય છે પણ પુદ્‌ગલ દ્રવ્યના સંયોગથી તો રૂપી અને સક્રિય છે માટે તે સાકાર પણ કહેવાય છે તેથી નિરાકારતા મેળવ્યા પછી તેની ક્રિયા વિરામ પામી જાય છે.

જેમ આત્મા કર્મસંયોગથી સાકાર કહેવાય છે તેમ ધર્માસ્તિકાયાદિ અનેક રૂપી પુદ્‌ગલો તથા સ્કંધોનો સંયોગ હોવા છતાં પણ સાકાર કહેવાતા નથી, કારણ કે તે સર્વવ્યાપી હોવાથી અક્રિય છે. ( જે વસ્તુ સર્વવ્યાપી હોય છે તેને હલન–ચલન માટે સ્થાન ન હોવાથી અક્રિય જ હોય છે. ) અને એટલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે જ તેને રૂપી પુદ્દગલો સાકાર બનાવી શકયા નથી. જીવ દ્રવ્ય દેશવ્યાપી તથા અનેક છે અને અનાદિ કાળથી જ કર્મના સંયોગને લઇને તેમાં ક્રિયા થયા કરે છે માટે તે પુદ્દગલ દ્રવ્યની સાથે ઓતપ્રોત થયેલું હોવાથી અનાદિથી જ તે સાકાર છે છતાં યોગ્યતા તથા દેશ–કાળની અનુકૂળતા મળવાથી નિરાકાર બની શકે છે, અર્થાત્ દેશવ્યાપી આત્માઓમાં સાકાર બનવાના કારણભૂત ક્રિયા રહેલી છે, માટે જ તે સાકારથી નિરાકાર અવસ્થા પ્રાપ્ત કરે છે. સ્વરૂપે કે પરરૂપે પણ જે વસ્તુ રૂપી હોય તે અનેક હોય છે અને તે જ સક્રિય હોવાથી સાકાર હોય છે. જે સ્વરૂપથી સાકાર હોય છે તે નિરાકાર બની શકે નહિ પણ પર રૂપથી સાકાર હોય છે તેનામાં નિરાકારતા મેળવવાની શક્તિ હોય છે. આ પ્રમાણે વિચાર કરતાં સમજાય છે કે–પંચાસ્તિકાયમાંથી કેવળ જીવાસ્તિકાય દ્રવ્યમાં જ નિરાકારતા સંભવે છે. દેશવ્યાપી દ્રવ્યો જ સમાન ગુણધર્મવાળા અનેક હોઇ શકે છે પણ સર્વવ્યાપી દ્રવ્યો અરૂપી જ હોવાથી અનાદિથી એક જ છે, કારણ કે તેમાં કોઇ પણ દેશ–કાળથી અનેકપણાની સંભાવના થઇ શકતી નથી. એક એવો નિયમ છે કે–જે અનેક છે તે દેશવ્યાપી હોઇ શકે છે અને જે સર્વવ્યાપી છે તે એક જ હોઇ શકે છે, અને એટલા માટે જ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય તથા આકાશાસ્તિકાય આ ત્રણે દ્રવ્યો સર્વવ્યાપી, અરૂપી અને વિસદૃશ ગુણધર્મવાળા હોઇને સંખ્યામાં એક છે. જો ધર્માસ્તિકાયાદિ ત્રણે દ્રવ્યોની પ્રત્યેક અનેક સંખ્યા માનવામાં આવે તો તે સર્વવ્યાપી બની શકે નહિ તેમજ પુદ્દગલાસ્તિકાયની જેમ રૂપી દ્રવ્ય બનવાનો પ્રસંગ ઉપસ્થિત થાય અને જો તેમ થાય તો પછી જીવાસ્તિકાય અને પુદ્દગલાસ્તિકાય બે જ દ્રવ્યો રહે. બાકીના દ્રવ્યોનો અભાવ થઇ જાય છે અને તેથી જડ તથા ચેતન બે જ દ્રવ્ય માનવાવાળાનો સિદ્ધાંત આવી જાય છે. જો કે બે દ્રવ્ય માનવાવાળા જીવ દ્રવ્યને અનેક માનીને તેમાંથી એક જીવ દ્રવ્યને બધાય જીવોથી અલગ પાડીને તેને અનાદિ શુદ્ધ જગન્નિયંતા ઇશ્વર તરીકે ઓળખાવે છે અને બધાય જીવોને તથા ઇશ્વરને સર્વવ્યાપી માને છે પણ તે એક વિવાદાસ્પદ વાત છે, એટલે અહિંયા તો જૈન સિદ્ધાંત પ્રમાણે બે દ્રવ્ય હોવાના પ્રસંગની જ માત્ર સામ્યતા લીધી છે. ( અપૂર્ણ )

કર સેવા પિતુમાતની, એ જ તીર્થનું સ્થાન;
અન્ય તીર્થ આઘે મળે, સમીપ તીર્થ આ જાણ.
ફરી ફરી સુખ સઘળા મળે, મળે ફરી ધન ધામ;
માતતાત ફરી નવિ મળે, યત્નથકી કોઇ ઠામ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા.

લેખક :—ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા, M. B. B. S.

( પૃષ્ઠ ૧૭૦ થી ચાલુ )

**અખેદ—** **' ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકીએ રે '.—**

પ્રવૃત્તિ કરતાં થાકી જઇએ તેનું નામ ' ખેદ ' છે. જેમ માર્ગે ગમન કરતાં-ચાલતાં થાકી જવું તેને આપણે ખેદ-થાક કહીએ છીએ, તેમ સન્માર્ગે ગમન કરતાં-પ્રવર્ત્તતાં થાકી જવું તે ખેદ-થાક છે. સંસારવ્યવહારમાં પ્રવૃત્તિ કરતાં અથવા અર્થ-કામનો પુરૂષાર્થ સેવતાં થાકવું તે જેમ ખેદ છે, તેમ પરમાર્થ વ્યવહારની પ્રવૃત્તિ કરતાં અથવા ધર્મ-મોક્ષનો પુરૂષાર્થ સેવતાં થાકવું તે પણ એક પ્રકારનો ખેદ છે. અત્રે પ્રકૃતમાં-પ્રભુસેવા-ભક્તિમાં પ્રવર્ત્તતાં થાકવું તે પણ ખેદનો પ્રકાર છે. ગમનાગમન આદિ બાહ્ય પ્રવૃત્તિનો થાક તે શારીરિક ( Physical Fatigue ) ખેદ છે, સેવાભક્તિ આદિ આભ્યંતર પ્રવૃત્તિનો થાક તે માનસિક ( Mental or Psychological fatigue ) ખેદ છે. એથી ઊલટું તે તે પ્રવૃત્તિ કરતાં ન થાકવું તે અખેદ છે.

## ખેદ કોને કેમ ઉપજે છે?

આ ખેદ-અખેદનું સ્વરૂપ સમજવા માટે તે કોને, કેમ, કયા કારણથી ઉપજે છે તે વિચારવા યોગ્ય છે. એ તો સર્વ કોઇનો સામાન્ય અનુભવ છે કે ગમન કરવાની જ્યારે વૃત્તિ નથી હોતી, મનને કંટાળો હોય છે, મન થાકેલું હોય છે ત્યારે ગમે તેવો સશક્ત માણસ પણ તરત ઢીલો-શિથિલ થઇ જાય છે, પગ આગળ ચાલવાની ના પાડે છે, ગમનનો ઉત્સાહ ગમતો નથી, અને પ્રગતિ અટકી પડે છે, અથવા અતિ બહુ-ભારે પડતું. ગમન ઉપરાંત ચાલવાથી પણ થાક લાગે છે. આમ જ્યારે જીવ થાકે છે ત્યારે પ્રવૃત્તિ પણ થાકે છે. એ જ પ્રકારે જ્યારે કોઇ પણ પ્રવૃત્તિમાં રસ નથી રહેતો, રૂચિ-વૃત્તિ ખંડિત થાય છે, ઉત્સાહ ઓસરી જાય છે ત્યારે તે તે પ્રવૃત્તિથી મનુષ્ય થાકે છે, ખેદ પામે છે. તેથી ઊલટું જ્યારે રસ અતૂટ હોય છે, રૂચિ-વૃત્તિ અખંડિત હોય છે, ઉત્સાહ પ્રવર્દ્ધમાન હોય છે ત્યારે તે તે પ્રવૃત્તિ કરતાં જીવને થાક લાગતો નથી, ખેદ ઉપજતો નથી. દાખલા તરીકે—

## અર્થ-કામમાં અથાક પ્રવૃત્તિ—

સાંસારિક-લોક વ્યવહારની અનંત પ્રવૃત્તિ કરતાં જીવ થાકતો નથી-ખેદ પામતો નથી. દિવસોના દિવસો, મહિનાના મહિના, વર્ષોના વર્ષો, ભવોના ભવો અર્થ-કામની સિદ્ધિ અર્થે રાત દિવસ એકધારી અખંડ પ્રવૃત્તિ કરતાં છતાં આ જીવને લેશ પણ થાક લાગતો નથી, ખેદ ઉપજતો નથી, એ આ જીવનની કાર્યક્ષમતાની અદ્ભુત આશ્ચર્યકારક ઘટના છે ! તે નથી જોતો દિવસ કે નથી જોતો રાત, નથી જોતો ટાઢ કે નથી જોતો તડકો, નથી જોતો ભૂખ કે નથી જોતો તરસ, નથી જોતો દેશ કે નથી જોતો વિદેશ, નથી જોતો



For Private And Personal Use Only

આપત્તિ કે નથી જોતો વિપત્તિ, તે તો દુષ્પૂર ઉદર-દરીના ભરણ કાજે, ધનોપાર્જન અર્થે, અથવા વિષય-મૃગતૃષ્ણાના બૂઝત કાજે ભોગસાધન અર્થે, ગમે ત્યાં ગમે તે કરવા સદા ખડે પગે તત્પર રહે છે! ગમે તે સંકટ સહેવા, ગમે તે જોખમ વહોરવા, ગમે તેટલી જહેમત ઉઠાવવા તે સદોદ્યત રહે છે।

> " ભવનગરીમાં જીવ ભિખારી, કરમાં લઈ ઘટ પાત્ર;
> વિષયબુભુક્ષુ ભીખ માંગતો, ભમે દિવસ ને રાત. " —મનોનંદન

ગેન કેન પ્રકારેણ લક્ષ્મી સંચય કરવા માટે વ્યવહારકૌશલ્ય ધરાવનારા વ્યાપારીઓ કેવાં ઝાવાં નાખી કેટલા બધાં કાળા-ધોળા કરે છે! મહા બુદ્ધિચાપલ્ય દર્શાવનારા બેરિસ્ટરો-વકીલો-સૉલિસિટરો આદિ ખૂબ ઝીણવટથી બાહોશીથી કેસ લડવા માટે કેટલો બધો અથાગ પરિશ્રમ ઉઠાવે છે! પરદુઃખભંજન મોટા ડાક્તરો 'કેસ' બચાવવા નિદાન-ચિકિત્સા વગેરે માટે રાતદિવસ કેટલો બધો અવિશ્રાંત શ્રમ લે છે। અન્ય અન્ય વ્યવસાયીઓ-ધંધાર્થીઓ પણ પોતપોતાના વ્યવસાયમાં થાક્યા વિના નિરંતર કેવા રચ્યા-પચ્યા રહે છે। કીર્તિલાલસુ કે લોકકલ્યાણવાંચ્છુ બુદ્ધિશાળી લેખકો પાનાનાં પાનાં ને ગ્રંથોના ગ્રંથો ( Volumes ) ભરવાનું કૌશલ્ય દાખવતાં જ થાકતા જ નથી! જનમન-રંજન કરનારા વાચાલ વક્તા વાચસ્પતિઓ અસ્ખલિત વાગ્ધારાથી વ્યાખ્યાનધારા વહાવતાં ખેદ પામતાં જ નથી!

**અથાક પ્રવૃત્તિનું રહસ્ય કારણ—**

આવી તેઓની અથાક-અખેદ પ્રવૃત્તિનું રહસ્ય કારણ શું? એ એઓ કેમ કરી શકે છે? તેનો એક જ ઉત્તર છે કે તેઓને તે તે નિજ નિજ પ્રવૃત્તિમાં રસ છે, રુચિ છે, વૃત્તિ છે; તે તે પ્રવૃત્તિમાં તેઓ રસથી ( Interest ) પ્રવર્તે છે; સ્વાર્થ અથવા ક્વચિત્ કિંચિત્ પરાર્થ એઓના ઉત્સાહનો વેગ ( Impetus ) આપનારું પ્રોત્સાહક પ્રેરક કારણ થઈ પડે છે. ઐહિક-આ લોક સંબંધી લક્ષ્મી, અધિકાર, કીર્તિ, લોકસેવા આદિની સિદ્ધિ અર્થે પ્રાયે તેઓની તે તે પ્રવૃત્તિ હોય છે, પણ આ લક્ષ્મી આદિની પ્રાપ્તિથી આ જીવનું શું વધે છે? પ્રાયઃ સંસારનું વધવાપણું ને નર દેહનું હારી જવાપણું જ હોય છે. આ '**અમૂલ્ય તત્ત્વવિચાર**'નો ક્ષણભર પણ ઊભા રહી વિચાર કરવા આ મહાનુભાવો તસ્દી લેતા નથી! આ બધી દોડાદોડ-દોડધામ શા માટે? ને કોના માટે? આ આટલી બધી અથાગ પ્રવૃત્તિનું તાત્ત્વિક ફળ-પરિણામ શું? તેનો શાંત-સ્વસ્થ ચિત્તે તેઓ કદી વિમર્શ કરતા નથી?

> " લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું? તે તો કહો,
> શું કુટુંબ કે પરિવારથી વધવાપણું? એ નય ગ્રહો;
> વધવાપણું સંસારનું નર દેહને હારી જવો,
> એનો વિચાર નહિં અહો હો! એક પળ તમને હવો "

—શ્રીમદ્રાજચંદ્રજીપ્રણીત શ્રીમોક્ષમાળા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### પરપ્રવૃત્તિમાં અખેદ !

વળી આ બધી તો પરપ્રવૃત્તિ છે; આત્માથી અતિરિક્ત એવી પરવસ્તુની પ્રાપ્તિ માટેની, ગ્રહણ માટેની, રક્ષણ માટેની આ બધી દોડધામ છે. આત્માને કંઇ તેથી વાસ્તવિક આત્મલાભ થતો હોય એવું પ્રાયે જણાતું નથી, છતાં આ પરભાવપ્રવૃત્તિ માટે આ જીવને કેટલો બધો પ્રેમ! કેટલો બધો રસ! કેટલી બધી રુચિ! કેટલો બધો અખેદ! પરમ ભાવયોગી શ્રીમદ્ રાજચંદ્રજીનું અત્યંત માર્મિક અમૃત વચન છે કે—

" સમસ્ત વિશ્વ ઘણું કરીને પરકથા તથા પરવૃત્તિમાં વહ્યું જાય છે, તેમાં રહી સ્થિરતા ક્યાંથી પ્રાપ્ત થાય? એવા અમૂલ્ય મનુષ્યપણાનો એક સમય પણ પરવૃત્તિએ જવા દેવા યોગ્ય નથી, અને કંઇ પણ તેમ થયા કરે છે, તેનો ઉપાય કંઇ વિશેષે કરી ગવેષણા યોગ્ય છે."

—શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક ૫૫૦

" પરપરિણતિ રાગીપણે, પરરસ રંગે રક્ત રે;
પરગ્રાહક રક્ષકપણે, પરભોગે આસક્ત રે. જગતારક પ્રભુ વિનવું."

—મુનિવર્ય શ્રી દેવચંદ્રજી

અને આવી જે આ કામ-ભોગબંધકથારૂપ પરભાવપ્રવૃત્તિ છે, તે તો શ્રી. કુંદકુંદાચાર્યજીએ કહ્યું છે તેમ, સર્વને *અનંતવાર શ્રુત છે, અનંતવાર પરિચિત છે, અનંતવાર અનુભૂત છે. પણ એક શુદ્ધ આત્મતત્ત્વની પરમાર્થ વાર્તા આ જીવે કદી પણ સાંભળી નથી, પરિચિત કરી નથી, અનુભવી નથી. છતાં આવી અનંત પરભાવપ્રવૃત્તિથી આ જીવ હજુ પણ થાક્યો નથી, ખેદ પામ્યો નથી, એ ખરેખર! મહાખેદજનક આશ્ચર્ય વાર્તા છે! આ જ આ મહામૂઢ ભવાભિનંદી જીવનો પરભાવપ્રવૃત્તિ પ્રત્યેનો કેટલો ઉત્કટ રસ છે તે સૂચવે છે! તેથી જ તે પરપ્રવૃત્તિમાં અશ્રાંતપણે પ્રવર્તતાં ખેદ પામવાને બદલે અખેદ ધારી રહ્યો છે!

### આત્મપ્રવૃત્તિમાં ખેદ !!

પણ પ્રભુભક્તિ આદિ આત્માર્થ પ્રવૃત્તિ કે જે જીવના ખરેખરા પરમાર્થ સત્ સાચા સ્વાર્થની પ્રવૃત્તિ છે, તે પરત્વે આ જીવની કેવી સ્થિતિ છે? કેવી પરિણતિ છે? કેવી દૃષ્ટિ છે? તેના પ્રત્યે તો જાણે તેને રુચિ જ નથી, રસ જ નથી, વૃત્તિ જ નથી, અથવા છે તો ઉપરછલ્લી, ઉપલક કે દેખાવ પૂરતી! ક્ષણ-બે ક્ષણ, ઘડી-બે ઘડી આ પ્રવૃત્તિ કરતાં તે બાપડો થાકી જાય છે! આત્માર્થબાધક એવી સાંસારિક પરપ્રવૃત્તિ કે જે ક્ષણિક તુચ્છ કલ્પિત લાભદાયી અને પરિણામે હાનિકારી છે, તે માટે જીવ ગમે તેટલી પ્રવૃત્તિ કરતાં થાકતો નથી, અને આત્માર્થસાધક એવી શાશ્વત પરમ આત્મલાભ આપનારી જે આ સ્વભાવરૂપ સત્ પ્રવૃત્તિ છે, તે માટે થોડી પણ પ્રવૃત્તિ કરતાં આ જીવને થાક લાગે છે! નાટક-સિનેમાદિ તમાસા ઉજાગરા કરીને પણ જે ગોગાની જેમ એકીટસે

* " सुदपरिचिदाणु भूदा सव्वस्स वि कामभोगबंधकहा ।
पयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स ॥ "
જુઓ શ્રી **સમયસાર** ગા. ૪ અને તેની **શ્રી અમૃતચંદ્રાચાર્યજીકૃત** ટીકા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્ણ રસથી કલાકોના કલાકો જોતાં થાકતો નથી તે બિચારો એક-બે ઘડી ભક્તિ-સ્વાધ્યાય આદિ પ્રવૃત્તિ કરતાં ચળવિચળ પરિણામી થઇ થાકી જાય છે! ખરેખર! આ જીવની વિચિત્ર વિવેકશક્તિની (!) બલિહારી છે!

"હરિનું ચંદન ઘસતાં તારું, શ્રમથી શરીર બગડે!
સાતે સાંગ જ રગડે!
એકાદશી ઓચ્છવના જાગરણ, અતિ કઠણ તને લાગે,
ભાંડ ભવૈયા જોવા સારુ, સારી રાત જ જાગે,
પ્રભુ તને પ્રસન્ન તે કેમ થાય? ત્હારા દિલનું કપટ નવ જાય."
—શ્રી નરસિંહ મહેતા

**આત્મપ્રવૃત્તિમાં અનંતગણો અખેદ જોઇએ—**

ખરી રીતે તો આત્માર્થબાધક પરભાવપ્રવૃત્તિ પ્રત્યે આ જીવને જેટલા આદર, રસ, રુચિ, ઉત્સાહ છે, તે કરતાં અનંતગુણ વિશિષ્ટ પરમ આદર, પરમ રસ, પરમ રુચિ, પરમ ઉત્સાહ આ પ્રભુભક્તિ આદિ આત્માર્થસાધક પરમાર્થ પ્રવૃત્તિ પ્રત્યે હોવા જોઇએ, અનંત અનંત પ્રવૃત્તિ કરતાં પણ ખેદ ન થવો જોઇએ. આમ રાતદિવસ સૂતાં, બેસતાં, ઊઠતાં, જાગતાં પ્રભુની સેવાભક્તિ કરતાં, સ્મરણ કરતાં, સ્તવન કરતાં, ભજન કરતાં, ગાયન કરતાં, ધ્યાન કરતાં જીવ જ્યારે ન જ થાકે,—કદાચ તન થાકે, મન થાકે, વચન થાકે, પણ ભાવ તો ન થાકે,—ત્યારે જ તેને આ અખેદ ભાવ પ્રગટ્યો જાણવો, અને ત્યારે જ તેને આ પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા પ્રાપ્ત થઇ જાણવી.

"નિશદિન સૂતાં જાગતાં, હઇડાથી ન રહે દૂર રે;
જબ ઉપગાર સંભારીએ, તવ ઉપજે આનંદ પૂર રે.
જગતગુરુ જાગતો સુખકંદ રે...મુનિસુવ્રત."
"તુમ ગુણગણ ગંગાજલે, હું ઝીલી નિર્મળ થાઉં રે;
અવર ન ધંધો આદરું, નિશદિન તોરા ગુણ ગાઉં રે.
ગિરુઆ રે ગુણ તમતણા."
—શ્રી યશોવિજયજી

આ અખેદભાવ જેને ઉપજ્યો હોય છે, તેનો રાગ પ્રભુગુણના રંગથી રંગાઇ જાય છે, મન-વચન-કાયાના યોગ ગુણનિધાન પ્રભુના ગુણને આધીન બને છે, ભાવ પ્રભુગુણમાં રમણ કરે છે, ઉપશમમૂર્તિ પ્રભુના દર્શનથી ગાઢ પ્રીતિ ઉપજે છે ને આંખ તૃપ્ત થતી નથી.

"રાગ તે પ્રભુ ગુણ રંગમેં, યોગ ગુણી આધીન,
ભાવને રમણ પ્રભુગુણે, પ્રભુ દીઠે રતિ પીન."
"મનમોહન તુમ સનમુખ નિરખત, આંખ ન તૃપતી અમચી;
મોહતિમિર રવિ હર્ષ ચંદ્ર છવિ, મૂરત એ ઉપશમચી...
હું તો વારિ પ્રભુ તુમ મુખની."
—શ્રી દેવચંદ્રજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધાર્મિક ટ્રસ્ટોની તપાસ–સમિતિ

ધર્માદા ટ્રસ્ટોના ઉદ્દેશો, વ્યવસ્થા અને વહીવટ સંબંધી તપાસ કરીને રિપોર્ટ કરવા માટે ન્યાયમૂર્તિ શ્રી ટેંડુલકરના પ્રમુખપણા નીચે શ્રી શાંતિલાલ શાહ, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, મુંબઈ સરકારના એડવોકેટ જનરલ શ્રી ધારપુરે, શ્રી ભોગીલાલ લાલા, શ્રી ફુલકોટિ, અને શ્રી એન. એચ. પંડયાની એક સમિતિ નીમવામાં આવેલ છે. આ સમિતિના કાર્યપ્રદેશ સંબંધી તા. ૧૦–૪–૪૮ ના સમિતિના પ્રમુખ શ્રી ટેંડુલકરે પત્રકાર પરિષદ યોજી હતી. આ સમિતિ તરફથી પ્રશ્નાવલી કાઢી જુદી જુદી સંસ્થાઓ પર મોકલવામાં આવી હતી.

આ સમિતિએ પોતાનું કાર્ય શરૂ કરી દીધું છે. શ્રી જૈન શ્વે. કોન્ફરંસના પ્રતિનિધીઓ શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડિયા, જાણીતા સોલિસિટર શ્રી મોહનલાલ ભગવાનદાસ ઝવેરી, શ્રી જૈન શ્વે. કોન્ફરંસના સેક્રેટરી શ્રી દામજી જેઠાભાઈ, જે. પી. શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખ્ય કાર્યકર શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તથા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ શેઠની તેમજ બીજી કેટલીક સંસ્થાઓની જુબાનીઓ લેવામાં આવી છે. શેઠશ્રી કસ્તુરભાઈની જુબાની તા. ૨૨–૫–૪૮ ના રોજ લેવામાં આવી હતી, જેનો સારાંશ અત્રે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

**પ્રશ્નકાર : કમિટિના પ્રમુખ ટેન્ડુલકર**

પ્ર. ટે. આપ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના મુખ્ય ટ્રસ્ટી છો ?

ક. લા. હા.

પ્ર. ટે. તમારા બંધારણ પરથી અમને માલૂમ પડે છે કે જુદા જુદા સ્થળના સંઘો પ્રતિનિધિઓ ચૂંટે છે, અને આ પ્રતિનિધિઓ મેનેજીંગ કમિટીની ચુંટણી કરે છે.

ક. લા. પદ્ધતિ એવી છે કે જુદા જુદા સ્થળના સંઘો પોતાના પ્રતિનિધિઓ ચૂંટે છે, જેઓ જરૂર મુજબ વરસમાં એક કે બે વાર મળે છે. મેનેજીંગ ટ્રસ્ટીઓનું મંડળ અમદાવાદનું જ હોય છે અને જ્યારે તેમાંથી કોઈની જગ્યા ખાલી પડે છે ત્યારે ટ્રસ્ટીઓ પોતાની અંદરથી જ ખાલી પડેલી જગ્યાની પુરવણી કરે છે અને જુદા જુદા સ્થળોએથી ચુંટાયલા ૧૦૮ પ્રતિનિધિઓની તે સંબંધમાં અનુમતિ મેળવવામાં આવે છે.

પ્ર. ટે. સંઘમાં કોનો કોનો સમાવેશ થાય છે ?

ક. લા. જૈનો જે રીતે સંઘ શબ્દનો અર્થ સમજે છે તે રીતે સંઘમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચાર વર્ગનો સમાવેશ થાય છે પણ સાધારણ રીતે અમુક સ્થળે રહેતા જૈનો એટલે સંઘ એમ સમજવામાં આવે છે.

પ્ર. ટે. : આણંદજી કલ્યાણજીની પેઢી પાસે આજે કેટલી મૂડી હશે ?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક. લા. : લગભગ સાઠ લાખ રૂપીઆ.

પ્ર. ટે. : ધાર્મિક નિમિત્ત સિવાય આ નાણામાંથી કોઇ સામાજિક હેતુ માટે કશી પણ રકમ વાપરવામાં આવે છે ખરી !

ક. લા. : ના.

પ્ર. ટે. : આ પેઢી તેમજ અન્ય જૈન સંસ્થાઓ તરફથી મળેલા જવાબો ઉપરથી મને માલૂમ પડે છે કે દેવદ્રવ્ય સામાજિક ઉપયોગ માટે વાપરી ન શકાય એવી જૈન ધર્મની આજ્ઞા છે.

ક. લા. : હાજી, એમ જ છે.

પ્ર. ટે. : આવો શાસ્ત્રીય ઉલ્લેખ ક્યાં છે તે મને કહી શકશો ? કોઇ આગમોમાં આવો ઉલ્લેખ છે ખરો ?

ક. લા. : આવી બાબતમાં હું અલ્પજ્ઞ શ્રાવક છું, પણ આ બાબતમાં જે સાધુઓ પ્રમાણભૂત ગણાય છે અને દેવદ્રવ્યના ઉપયોગ સંબંધે શાસ્ત્રીય ઉલ્લેખો રજૂ કરી શકે એમ છે એવા સાધુઓ પાસેથી આને લગતાં પ્રમાણો હું મેળવી આપી શકીશ.

પ્ર. ટે. : આપ આવા પ્રમાણ મેળવી આપી શકશો તો હું બહુ રાજી થઇશ. મને આવા પ્રમાણોની ખાસ અપેક્ષા છે, કારણ કે જૈનોનાં ધાર્મિક ખાતાનાં નાણાં સામાજિક કાર્યોમાં વાપરી ન જ શકાય એમ માનવાને કશું જ કારણ નથી એવી અમારી પાસે જુબાનીઓ આવી છે. દેવદ્રવ્યનો આવો ઉપયોગ બાજબી છે કે નહિ એ બાબતમાં અમારે છેવટના નિર્ણય પર આવવું જોઇએ. આ સંબંધમાં નિર્ણય લેતાં અમારે પૂરી સંભાળ લેવી જ રહી.

ક. લા. : સમાજના અમુક વર્ગના વિચારો સાંભળીને આપ દોરવાઇ નહિ જાઓ એ બાબતની મને ખાત્રી છે.

પ્ર. ટે. : દેવદ્રવ્યનો સામાજિક કાર્યો માટે લેશમાત્ર ઉપયોગ ન થઇ શકે એમ આપ કહેવા માગો છો એમ હું સમજું છું.

ક. લા. : બરોબર એમ જ.

પ્ર. ટે. : આણંદજી કલ્યાણજીની પેઢીનાં નાણાં ખાનગી પેઢીઓમાં રોકવામાં આવે છે ?

ક. લા. : છેલ્લા પચાસ સાઠ વર્ષથી કોઇ પણ ખાનગી પેઢીમાં રોકવામાં આવ્યા નથી.

પ્ર. ટે. : બીજી જૈન ચેરીટીઓ સંબંધમાં આમ હોય એમ કમનસીબે માલૂમ પડતું નથી.

ક. લા. : મને લાગે છે કે આપને મળેલી માહિતી મોટાં ટ્રસ્ટો પૂરતી બરોબર નથી. તેઓ કાં તો સ્થાવર મિલ્કતોમાં અથવા તો વ્યાજ મળે તેવા સરકારી કાગળીયાઓમાં પણ નાણાં રોકે છે. ખાનગી પેઢીમાં પૈસા રોકતા હોય એવા કેટલાં ટ્રસ્ટો છે તેની મને ખબર નથી.

પ્ર. ટે. : કેટલીક જૈન ચેરીટીઓના વ્યવસ્થાપકો તરફથી મળેલા જવાબો આપના અભિપ્રાય સાથે મળતા થતા નથી. ઘણી પેઢીઓએ કબૂલ કર્યું છે કે તેઓએ પોતાની હસ્તકનાં નાણાં ખાનગી પેઢીઓમાં રોકેલાં છે અને તેના બચાવમાં તેઓ જણાવે છે-તેમને વ્યાજના આકારમાં તેવા રોકાણનો સારો બદલો મળે છે, જે ટ્રસ્ટના ખરચોને પહોંચી વળવા માટે જરૂરનો હોય છે અને ખાનગી પેઢીમાં આવી રીતે નાણાં રોકવાનું જોખમ બહુ થોડું હોય છે અને તે સામે જે બદલો મળે છે એ જોતાં એટલું જોખમ ખેડવું એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમને યોગ્ય લાગે છે. જો આપ કહો છો તેમ આ મુજબની ચાલુ રીતરસમ ન હોય તો તે સાંભળીને મને આનંદ થાય છે.

ક. લા. : હું નમ્રપણે રજૂ કરું છું કે જૈન ચેરીટીઓની કુલ રકમ કેટલી છે અને ખાનગી પેઢીઓમાં એમાંનો કેટલો ભાગ રોકવામાં આવે છે તેની આપ સરખામણી કરશો તો મને ખાત્રી છે કે મારું કહેવું આપને બરોબર સાચું માલૂમ પડશે.

પ્ર. ટે. : આપને એક દાખલો આપું. મુંબઇમાં શ્રી વીર જૈન કાઠિયાવાડ પાઠશાળા નામની એક સંસ્થા છે તેની રૂ. ૭૦૦૦૦ ની મૂડીમાંથી રૂ. ૫૭૦૦૦ જેટલી મોટી રકમ ખાનગી પેઢીમાં રોકવામાં આવેલ છે.

ક. લા.: મને લાગે છે કે આ સંબંધમાં યોગ્ય નિર્ણય ઉપર આવવા માટે આપે જૈન ચેરીટીઓની કુલ રકમ કેટલી થાય છે તે આપે નક્કી કરવું જોઇએ અને આમાંના કેટલા ટકા ખાનગી પેઢીમાં રોકાયલા છે તેની તારવણી કરવી જોઇએ.

પ્ર. ટે. : આપની વાત બરોબર છે. અમે આને લગતી હકીકતો સરકારી દફતરમાંથી એકઠી કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ અને તે ઉપરથી સત્ય શું છે તે માલૂમ પડશે. પણ ખાનગી પેઢીમાં પૈસા રોકવા એ ઇચ્છવાયોગ્ય પદ્ધતિ નથી એમ તો આપ માનો છો ને !

ક. લા. : એ ચોક્કસ અનિચ્છનીય પદ્ધતિ છે.

પ્ર. ટે. : હવે એક બીજા પ્રકારના રોકાણનો વિચાર કરીએ કે જે માત્ર જૈન ચેરીટીઓમાં જ જોવામાં આવે છે. આ રોકાણ સોના ચાંદીને લગતું છે. આ પ્રકારનું નાણાનું રોકાણ આપને યોગ્ય લાગે છે ?

ક. લા. : હા, મને લાગે છે કે આવું રોકાણ ઇચ્છવાયોગ્ય છે. સંભવ છે કે બીજી કમીટી માફક તમારી કમીટી એમ સૂચવે કે ટ્રસ્ટના ફંડો સરકારી કાગળીયામાં જ રોકવા જોઇએ. પહેલા વિશ્વવિગ્રહ દરમિયાન આપણે બધા જાણીએ છીએ તે રીતે સાડા ત્રણ ટકાની સો રૂપીઆની લોનનો ભાવ ૪૭ ટકા ઉતરી ગયો હતો; અને ૫૭ ના ભાવમાં વેચાણી હતી. ગવર્નમેંટ સીક્યુરીટીમાં જે લાખોની સંખ્યામાં આવું નાણું રોકાયેલું હતું તેને કેટલી ખોટ આવી હશે તે આપ સહજ કલ્પી શકશો. બધું નાણું એક જ ઠેકાણે રોકવું એ ડહાપણભર્યું નથી. આ રીતે સરકારી કાગળીઆની ગમે તેટલી સદ્ધર સ્થિતિ હોય તો પણ તેમાં બધું નાણું રોકવું એ ડહાપણભર્યું નથી. જર્મની અને ફ્રાંસમાં શું બન્યું એ પણ આપણે જાણીએ છીએ. તેથી ટ્રસ્ટફંડનો અમુક ભાગ સોના ચાંદીમાં રોકવામાં આવે એ ડહાપણભર્યું છે. વિશેષમાં અમે જે કાંઇ સોના ચાંદીમાં રોકાણ કરીએ છીએ તે કોઇ સટ્ટાના હેતુથી કરતા નથી. અમોએ કરેલી સોના ચાંદીની ખરીદીનો મોટો ભાગ કોઇ મોટી કીંમત આપીને ખરીદાયો નથી. જ્યારે ચાંદીનો ભાવ ૪૦ થી ૫૦ ની આસપાસનો હતો અને સોનું ૨૫ થી ૩૦ ની આસપાસનું હતું ત્યારે જ આવી ખરીદી કરવામાં આવી હતી. તેથી જો ટ્રસ્ટીઓએ પોતાની હસ્તકના નાણાં સોનાં ચાંદીમાં રોક્યા હોય તો તે સંબંધમાં તેમને કોઇ પણ પ્રકારનો દોષ દેવો યોગ્ય નથી એમ મને લાગે છે. તેમણે બરોબર કર્યું છે એમ મારે કહેવું જોઇએ.

For Private And Personal Use Only

પ્ર. ટે. : મને એકનોકેટ જનરલે જણાવ્યું હતું કે પંદર દિવસ પહેલાં તેમની સમક્ષ રજૂ કરવામાં આવેલી એક યોજના ( sch- eme )માં આજના ભાવે સોનું ખરીદવાની માગણી કરવામાં આવી હતી. જ્યારે સોના ચાંદીના ભાવ બહુ નીચા હતા ત્યારે આવા રોકાણ કરવામાં આવતા હતા એમ નથી. આજના ઊંચા ભાવોમાં પણ તેઓ આવા રોકાણ કરવા માગે છે. એક બીજી બાબત એ છે કે સોના ચાંદીમાંથી [illegible] જ નથી.

ક. લા. : એ હું કબૂલ કરું છું.

પ્ર. ટે. : તો પછી ટ્રસ્ટ ફંડોમાંથી બીજી રીતે પણ કાંઈક દ્રવ્ય ઉત્પન્ન થવું જોઈએ એ જરૂરી નથી.

ક. લા. : નાણાંમાંથી વ્યાજ ઉત્પન્ન થવું જોઈએ એ બરોબર છે, પણ એથી વધારે અગત્યની બાબત તો મુડીની સહીસલામતિને લગતી છે. નાનું સરખું વ્યાજ કમાતા છતાં પણ આપણી મુડીને ધક્કો ન લાગે એ આપણે ખાસ જોવું જોઈએ.

પ્ર. ટે. : મુડીનો હેતુ શું છે ? જો એમાંથી કાંઈ પેદા ન થાય તો અમારી પાસે આટલી મૂડી છે એટલા સંતોષ ખાતર જ આપણે મૂડી ભેગી કરવી એમ ?

ક. લા. : અમારી પાસેના નાણાંની અમને કઈ રીતની જરૂરીઆત છે તે હું આપને સમજાવું. કોઈ પણ ચોક્કસ હેતુ માટે આપણે રાખી મૂકેલાં નાણાં નકામાં પડી રહ્યાં છે એમ આપને લાગતું હશે, પણ એ બરોબર નથી. આપને એક દાખલો આપું. આબૂ પર્વત પર અમારાં અમૂલ્ય મંદિરો છે. મંદિરો ૧૦૪૧ ની સાલમાં બંધાયાં હતાં અને અમારો એ ૯૦૦ વર્ષનો વારસો છે. એના સમારકામ પાછળ અમે આજ સુધીમાં બહુ નાણું ખરચ્યું નથી પણ હવે એવો વખત આવ્યો છે કે તેના જીર્ણોદ્ધાર પાછળ અમારે એક મોટી રકમ ખરચવી જોઈએ. હમણાં જ મુંબઈથી અમે કેટલાક જાણીતા શિલ્પશાસ્ત્રીઓને ત્યાં લઈ ગયા હતા અને પ્રસ્તુત જીર્ણોદ્ધારનો આશરે લાખ રૂપીઆ ખર્ચ આવશે એવો તેમણે અડસટ્ટો કાઢી આપ્યો હતો. આ કોઈ એવી [illegible] નથી [illegible] કે [illegible] પણ [illegible] એકાએક પેદા કરી શકાય. અમારી પાસેના ટ્રસ્ટ ફંડોમાંથી જ આવી સગવડ ઉભી કરવી જોઈએ અને એ માટે આવા હેતુ માટે જો અમે અમુક રકમ અલગ કાઢી હોય તો એ ઉપરથી એમ કહી નહિ શકાય કે આ મુડી કેવળ નકામી પડી રહી છે. આપણાં મંદિરો પૂરતું હું એમ કહેવાને તૈયાર છું કે શિલ્પના વિષયમાં દુનિયામાં તેનો કોઈ જોટો નથી અને તેથી જ અમારાથી બને તે રીતે આ ખજાનાને જાળવી રાખવો તે અમારો ધર્મ થઈ પડે છે. ૯૦૦ વર્ષ પહેલાં જે પત્થર વાપરવામાં આવ્યો હતો એ જ પત્થર અમારે વાપરવો રહ્યો અને જે રીતની કોતરણી કરવામાં આવી હતી એ જ રીતની કોતરણી આજે જ્યાં જ્યાં જરૂર હોય ત્યાં નવી કરવાની રહી અને મૂળનો ઇહાલ આબેહુબ જળવાઈ રહે એ અમારે જોવું રહ્યું. એ દિવસોમાં હનીઆના એક આના કે અરધા આનામાં કડીઓ મળતો હતો, આજે તે કરતાં વીશ કે ત્રીશ ગણા દામ કડીઆને આપવા પડે છે. સુતાર સંબંધમાં પણ એ જ સ્થિતિ પ્રવર્તે છે. આ બધી હકીકતો ધ્યાનમાં લેતાં જૈન મંદિરના નાણાં નકામા પડી રહે છે એમ કહેવું યોગ્ય નથી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર. ટે. : જીર્ણોદ્ધાર માટે જુદા કરવામાં આવેલા મંદિરનાં નાણાં તે હેતુ માટે વપરાય છે ખરા કે ?

ક. લા. : હાજી. હું એક નહિ પણ સેંકડો દેરાસરોના દાખલા ટાંકી શકું છું કે જેમણે પોતાનાં નાણાંનો જીર્ણોદ્ધારના કાર્યમાં ઉપયોગ કર્યો છે.

શ્રીકસ્તુરભાઇએ પોતાની જુબાની આપતાં હિંદુસ્તાનમાં સ્થળે સ્થળે કેવા જૈન મંદિરો છે અને શિલ્પ, સૌંદર્ય અને કારીગરીની દૃષ્ટિએ તેનું કેટલું મહત્ત્વ છે તે સમજાવ્યું અને આબૂ અને રાણકપુરના જૈન મંદિરોની મુલાકાત આપવા માટે કમિટીના સભ્યોને આગ્રહપૂર્વક વિનંતિ કરતાં જણાવ્યું કે–કમિટી જો જૈન મંદિરની વિશિષ્ટતા ધ્યાનમાં લેશે અને તેના ચાલુ સમારકામ માટે કેટલા વિપુલ દ્રવ્યની જરૂર છે તેનો કમિટી બરોબર ખ્યાલ કરશે તો કમિટીએ જૈન મંદિરોને આવા કોઇ પણ કાયદાઓથી મુક્ત રાખવા જોઇએ એવા વિચાર પક્ષના સમર્થનમાં કશું પણ વિશેષ કહેવાની જરૂર નહિ રહે.

પ્ર. ટે. : આપને એવો ભય રાખવાની જરૂર નથી. જરૂરિયાત વિના જૈન મંદિરો વિષે અમે કશો પણ કાયદો કરવા માંગતા નથી. કોઈ પણ સંજોગોમાં મંદિરોની જરૂરિયાતો વણપુરાયેલી રહે એમ ઇચ્છતા નથી. મંદિરનાં નાણાં બ્યાજબી કામો માટે વાપરવા ન જોઇએ એવું પણ અમે સૂચવવા માંગતા નથી. કમિટી સામે એક જ મુદ્દો છે અને તે એ છે કે–મંદિરની બધી જરૂરિયાતોને પહોંચી વળવા બાદ જો કશું પણ વધારાનું નાણું રહે તો એ નાણાંનો ઉપયોગ સામાજિક કાર્યો માટે કરવો જોઇએ કે નહિ ?

ક. લા. : હું એ દૃષ્ટિબિન્દુ બરોબર સમજી શકું છું, પણ નમ્રભાવે રજૂ કરું છું કે જ્યાં સુધી કમિટી એક યા બે મંદિરોની મુલાકાત નહિ લે ત્યાં સુધી જૈન મંદિરોની જરૂરિયાતો કેટલી છે તેનો કમિટીને પૂરો ખ્યાલ આવી શકશે નહિ.

પ્ર. ટે. : જૈન મંદિરની સુરક્ષાને લગતી બ્યાજબી જરૂરિયાતોને પહોંચી વળવા બાદ જૈન મંદિરો પાસે વધારાનું નાણું રહે છે કે નહિ એ પ્રશ્ન સાથે અમારે સીધી નિસબત છે.

ક. લા. : હું આગળ વધીને કહું છું કે જૈન મંદિરોના જરૂરી સમારકામ માટે પણ અમારી પાસે પૂરતા પૈસા નથી.

પ્ર. ટે. જૈન સમાજમાં સમાન હેતુ ધરાવતી ઘણી ચેરીટીઓ હોવી જોઇએ. એ બધી ચેરીટીઓ એકમેક સાથે મળીને પોતાનો વહીવટ ચલાવે એમ આપ ઇચ્છો ખરા કે નહિ ? દાખલા તરીકે અમદાવાદની શિક્ષણ સંસ્થાઓ લ્યો. ઘણી જૈન સંસ્થાઓ પોતપોતાની રીતે કેળવણીનો પ્રચાર કરવા માટે જુદી જુદી રીતે કામ કરે છે. તે બધી પરસ્પર સહકાર સાધીને કામ કરે એ વિચાર આપને સંમત છે કે નહિ ?

ક. લા. : ચોક્કસ સિદ્ધાંતો નક્કી કરીને સર્વસામાન્ય કાર્યપદ્ધતિ નક્કી કરવામાં આવે એ હું જરૂર ઇચ્છું, પણ આ બધી સંસ્થાઓ સાથે મળીને કામ કરે તેની હું ચોક્કસપણે વિરુદ્ધ છું.

પ્ર. ટે. : આપ શું કહેવા માંગો છો તે હું સમજી શકતો નથી.

ક. લા. : મારું કહેવું એમ છે કે પોતપોતાની સંસ્થાનો વહીવટ ચલાવવા માટે બધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસ્થાના કાર્યવાહકો એક સંમેલનના આકારમાં એકત્ર થાય અને ચોક્કસ સિદ્ધાંતો તારવી કાઢે તો તે હું જરૂર પસંદ કરૂં. પણ બધી સંસ્થાઓનો એકમાં સમાવેશ કરવામાં આવે એવું જો સૂચવવામાં આવતું હોય તો હું તેની તદ્દન વિરુદ્ધ છું.

પ્ર. ટે. : બધી સંસ્થાઓનો એકમાં સમાવેશ કરવામાં આવે એમ હું કહેવા માગતો નથી. એટલા માટે તો મેં સહકાર શબ્દ વાપર્યો હતો.

ક. લા. હાજી એ તો ઘણું ઇચ્છવાયોગ્ય છે.

પ્ર. ટે. : દેવદ્રવ્ય સંબંધમાં મારે પૂછવાનું છે કે તેનો ઉપયોગ ધાર્મિક શિક્ષણ આપવા પાછળ જો કરવામાં આવે તો તેથી પણ તમારી કોમ નાખુશ થશે ?

ક. લા. : બહુ જ.

પ્ર. ટે. : દેવદ્રવ્યનો એ વાજબી ઉપયોગ ન ગણાય ?

ક. લા. : બીલકુલ નહિ. આ પ્રશ્નને લાગેવળગે છે ત્યાં સુધી જૈન ધર્મનું બંધારણ બીજા ધર્મો કરતાં બહુ જુદું છે. જૈન ધર્મના ધોરણે ચૈત્ય અને મૂર્તિ સૌથી પહેલાં આવે છે. અને તે જ્ઞાનથી તદ્દન જુદા જ છે. જ્ઞાનખાતું પછી આવે છે અને ત્યાર પછી સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકાનું ખાતું આવે છે. ચૈત્ય અને મૂર્તિ માટે નિર્માણ થએલાં નાણાં જ્ઞાન પાછળ ખર્ચી શકાતા નથી અને જ્ઞાનનો અર્થ આજની સ્કુલ કે કોલેજમાં જે શિક્ષણ આપવામાં આવે છે તે નથી.

પ્ર ટે. જ્ઞાન એટલે ધાર્મિક સાહિત્યનું શિક્ષણ એમ તમે કહેવા માગો છો ને?

ક. લા. હાજી.

પ્ર. ટે. આ દેવદ્રવ્યનો ઉપયોગ કેળવણી અને એવી અન્ય સામાજિક પ્રવૃત્તિ પાછળ કરવાની હીલચાલ જૈનોમાં છેલ્લી પેઢી દરમિયાન ચાલી રહી છે ખરી ?

ક. લા. એવી કોઇ અગત્યની હીલચાલ ચાલી નથી. મારૂં એમ કહેવાનું છે કે પાંચ હજાર માણસો જો આ વિચારના હોય તો તેની વિરુદ્ધમાં પચાસ હજાર માણસો મળી આવશે. આ બાબત ઉપર તમો કહો તે શરત કરવા હું તૈયાર છું.

પ્ર. ટે. આજે તો સાસરો સ્થિતિચુસ્ત હોય અને પુત્રવધૂ નવા જમાનાની હોઇ શકે છે.

ક. લા. એ ઠીક છે. પુત્રવધૂને જે કરવું હોય તે ભલે કરે. તેને કોઇ અટકાવશે નહી. પણ જો મારા પિતા ચોક્કસ હેતુને માટે અમુક રકમ મને આપી ગયા હોય તો મારી પત્ની કે પુત્રવધુને ફાવે તેમ તે રકમનો ઉપયોગ કરવાની હું રજા આપી નહિ શકું. તે નવા જમાનાની છે અથવા તો પોતે બહુ મોટું કામ કરી રહેલ છે એમ તે માને છે એટલા ખાતર તે નાણાંનો તેને અન્ય માર્ગે ઉપયોગ કરવા નહિ દઉં. કોઇ પણ કાર્ય કરવા માટે કોઇ બીજાની મીલ્કત ઝુંટવી લેવી ન જોઇએ. પણ તેણે પોતે જ તે માટે જરૂરી દ્રવ્ય પેદા કરવું જોઇએ.

ચેરીટીકમીશનરની નીમણુંક જરૂરી છે કે નહિ તે પ્રશ્નનો જવાબ આપતાં શ્રી. કસ્તુરભાઇએ જણાવ્યું કે-આવા ટ્રસ્ટોમાં સરકારની કોઇ મોટા પાયા ઉપરની દખલગીરીનો હું ચોક્કસપણે વિરુદ્ધ છું. અમુક સ્વાર્થી માણસો ટ્રસ્ટોનો પોતાના સ્વાર્થની ખાતર દુરૂપયોગ ન કરે એટલા પૂરતી દખલગીરી આવકારવાને હું તૈયાર છું. મદ્રાસની સરકારે કમી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફનર નીમેલ છે, બીજું પણ કેટલુંક કર્યું છે, તેથી મુંબઇ સરકારે પણ એ જ ધોરણે ચાલવું જોઇએ એ મારી દૃષ્ટિએ ખોટી રીત છે. એક બીજી પણ સૂચના તમારી કમીટી સમક્ષ હું રજૂ કરવા માગું છું અને તે એ છે કે–અમને જૈનોને હિંદુઓથી તદ્દન અલગ રાખવા જોઇએ, કારણ કે અમારા સિદ્ધાંતો અને હેતુઓ હિંદુઓથી તદ્દન જુદા છે. દેશના વધારે વિશાળ હિતો લક્ષમાં લઇને જૈનોના અલગ પ્રતિનિધિત્વ અને બેઠકો અંગે અમે હીલચાલ કરી નથી એ કમનસીબીની વાત છે તેથી જ આજે અમારા ઉપર જ્યાં ત્યાં હુમલા થઇ રહ્યા છે. જ્યારે પણ કાંઇ આવે છે ત્યારે અમને હિંદુઓ સાથે ભેળવી દેવામાં આવે છે. અમારો ધર્મ, અમારા આચાર, અમારા વિચાર હિંદુઓના રીતરિવાજથી તદ્દન વિરુદ્ધ છે. હું એમ નથી કહેવા માગતો કે સામાજિક દૃષ્ટિએ અમારે અને હિંદુ વચ્ચે ભેદ છે, સિવાય કે કેટલાક હિંદુઓ માંસાહારી હોય છે; જ્યારે જૈનો બીલકુલ માંસાહારી હોતા નથી. પણ એ સિવાય ધાર્મિક રીતરિવાજ પૂરતા હિંદુ અને જૈન ધર્મ તદ્દન અલગ છે. ભલે તમોએ આજે બીજી ચેરીટીઓને બાજુએ રાખી છે, પારસી પંચાયતોને અને તેના ટ્રસ્ટોને તમોએ બાકાત રાખ્યા છે, કારણ કે એ લોકો બહુ ગાથાભારી છે અને લાગવગ ધરાવે છે અને સરકાર તેને અડવા માગતી નથી. જ્યારે જ્યારે કાંઇ પણ કાયદો કરવાનો હોય છે ત્યારે અમને હિંદુઓ સાથે ભેળવી દેવામાં આવે છે તે અમો જૈનોને ભારે અન્યાયકર્તા છે.

પ્ર. ટે. આપ કહેવા માગો છો કે જૈનો હિંદુઓથી એક અલગ કોમ છે?

ક. લા. : લગભગ એમ જ.

પ્ર. ટે. : તેમની સાથે એ જ રીતે વર્તાવ કરવામાં આવે એમ તમો ઇચ્છો છો. ?

ક. લા. : જ્યાં સુધી ધર્મને લાગેવળગે છે ત્યાં સુધી એ પ્રમાણે જ થવું જોઇએ. અલબત્ત અમોએ કોઇ સ્વતંત્ર પ્રતિનિધિત્વની માંગણી કરી નથી.

પ્ર. ટે. : ધર્મની વાત બાજુએ રાખીએ તો પણ ચેરીટીઓ વિષે શું જૈનોને હિંદુ ચેરીટીઓના લાભથી મુક્ત રાખવામાં આવે, એમ આપ ઇચ્છો છો. ?

ક. લા. : નહિ સાહેબ. જાહેર ચેરીટીઓ પુરતા તેમને બન્નેને એક ગણો તો મને વાંધો નથી, પણ જો એમ હોય તો પારસી અને મુસ્લીમ ચેરીટીઓને આપ અલગ કેમ રાખો છો તે હું સમજી શકતો નથી.

પ્ર. ટે. : હિંદુઓ અને પારસીઓ અથવા મુસલમાનો વચ્ચે જેટલો તફાવત છે તેટલો તફાવત હિંદુઓ અને જૈનો વચ્ચે છે એમ આપ ધારો છો. ?

ક. લા. : એટલો બધો નહિ જ એમ છતાં પણ જૈનો અને હિંદુઓ વચ્ચે ઘણો મોટો તફાવત છે.

પ્ર. ટે. : તો પછી જૈનોને હિંદુ ચેરીટીઓનો લાભ મળવો ન જોઇએ એમ આપ ઇચ્છો છો ?

ક. લા. : આપ શું કહેવા માંગો છો એ હું સમજી શકતો નથી.

પ્ર. ટે. : કમીટીના દરેક મેમ્બર દરમિયાન હું એમ માનીને ચાલતો હતો કે જૈનો હિંદુ-સમાજનો એક અંગભૂત વિભાગ છે. તેથી આપે હમણાં જે કહ્યું તેથી મને ભારે વિસ્મય થયું છે. જૈનો હિંદુ કોમનો અંગભૂત વિભાગ

For Private And Personal Use Only

નથી એવો જૈનોનો દાવો છે એમ આપનું કહેવું હું સમજું છું.

ક. લા. : સામાજિક રીતરિવાજ પૂરતો જૈનો હિંદુઓના અંગભૂત વિભાગ છે પણ ધાર્મિક ટ્રસ્ટો અને ચેરીટીઓને લાગેવળગે છે ત્યાં સુધી હું ભારપૂર્વક કહીને જણાવું છું કે જૈનો હિંદુઓથી તદ્દન અલગ છે.

પ્ર. ટે. જૈન ધર્મ જુદો છે એ તો સ્વીકૃત છે.

ક. લા. : નહિ સાહેબ એ સ્વીકારવામાં આવ્યું નથી. ધારો કે ધાર્મિક કમીશનરો હોવા જોઈએ એમ તમારી કમીટી નક્કી કરે તો હિંદુઓના અન્ય વિભાગોની માફક જૈનોને તે બાબત લાગુ પાડવામાં આવશે. જૈનોના રીતરિવાજ શું છે તેનો ખરો ખ્યાલ અન્ય વિભાગોના લોકોને હોવાનો જરા પણ સંભવ નથી. આ અમારો મુદ્દો છે.

પ્ર. ટે. : મેં તમને કહ્યું તેમ ધર્મના રીતરિવાજોને લાગુ પડે એવું અમે કશું કરવા માંગતા નથી.

ક. લા. : મારે એટલું જ જોઈએ છીએ.

આના અનુસંધાનમાં પ્રમુખે જણાવ્યું કે-ધર્મના બધા રીતરિવાજોને પહેલેથી બચાવવામાં આવે ત્યારબાદ જે કાંઈ વધારાનું બાકી રહે તેનો જ અમારે વિચાર કરવાનો છે. ધર્મ એ તદ્દન જુદો છે. એ અમારા કમીટીના હેતુની બહારની વાત છે.

*

**પ્રશ્નકાર : શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ**

ચી. ચ. શાહ : આ તપાસનો હેતુ જુદા જુદા ટ્રસ્ટો અને ચેરીટીઓના વહીવટોની દેખરેખ અને નિયંત્રણના ઉપાયો સૂચવવા એ છે. ટ્રસ્ટોનો આપણે પહેલો વિચાર કરીએ. આણંદજી કલ્યાણજીને બાદ કરતાં જૈનોની બીજી ધાર્મિક ચેરીટીઓનો પણ વહીવટ એટલો સારી રીતે ચાલે છે કે સરકારના કોઈ પણ નિયંત્રણની તેમને જરૂર નથી એમ આપ કહેવા માંગો છો ને?

ક. લા. આનો જવાબ મેં આગળ આપી દીધો છે. તમે જણાવો તેવી દેખરેખ અને નિયંત્રણની જરૂર તો છે જ. એ ચેરીટીઓનો વહીવટ સારો ચાલતો હોય તો પણ એના ઉપર કંઈક અંકુશ તો જોઈએ જ.

ચી. ચ. શાહ : તો પછી જૈન ચેરીટીઓ ઉપર દેખરેખ રહી શકે એવા કાયદા સામે આપને વાંધો નથી. પ્રશ્ન તો આ નિયંત્રણ કેવું અને કેટલું હોવું જોઈએ તેનો છે. દાખલા તરીકે પુરવાર થયેલા ગેરવહીવટના કીસ્સાઓમાં કમીશનરને જૂના ટ્રસ્ટીઓને કાઢી મૂકવાની અને નવા ટ્રસ્ટીઓ નીમવાની સત્તા હોવી જોઈએ એ આપને સંમત છે?

ક. લા. જરૂર પુરવાર થયેલા ગેરવહીવટમાં ન્યાય કરવા સામે મને કોઈ વાંધો નથી.

ચી. ચ. શાહ : આણંદજી કલ્યાણજીની પેઢીનો દાખલો લઈએ. આપ તેનું વાર્ષિક બજેટ તૈયાર કરતા હશો. આ બજેટ ચેરીટી કમીશનર સમક્ષ રજૂ થાય અને તેની મંજૂરી મળ્યે જ તેનો અમલ થઈ શકે એવો પ્રબંધ આપ સંમત કરો કે?

ક. લા. ના સાહેબ, એ જાતની દખલગીરી હું પસંદ કરતો નથી. હું એમ કહેવા માંગું છું કે જ્યાં સુધી જુદા જુદા ટ્રસ્ટો-જૈનોના હોય કે હિંદુઓના હોય-સરખી રીતે ચાલતા હોય ત્યાં સુધી સરકાર તરફથી તેમાં કોઈ પણ જાતની દખલગીરી હોવી ન જોઈએ.

ચી. ચ. શાહ : ધારો કે અમુક ચોક્કસ હેતુ માટે આપ વીશ લાખ રૂપીઆ ખર્ચો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા માંગો છો અને એ ખોટો ખર્ચ છે અને એવો ખર્ચ થવો ન જોઈએ એમ ચેરીટી-કમીશ્નર માને તો એવા સંજોગમાં ચેરીટી-કમીશ્નરનું નિયંત્રણ હોવું જોઈએ એમ આપ પસંદ કરો કે ટ્રસ્ટીઓને જ આ બાબતમાં છેવટની સત્તા હોવી જોઈએ એમ આપ કહો છો ?

ક. લા. : જરૂર, આ બાબતમાં ટ્રસ્ટીઓને જ પૂરી સત્તા હોવી જોઈએ. ટ્રસ્ટીઓના કામકાજમાં ઓછામાં ઓછી દખલગીરી હોવી જોઈએ. જ્યારે ગેરવહીવટ પુરવાર થાય ત્યારે જ સરકારે માથું મારવું જોઈએ. નહિ તો કોઈ પણ મંદિરના જીર્ણોદ્ધાર સાથે કયા પ્રકારની ધાર્મિક લાગણી જોડાયેલી છે તેનો કમીશ્નરને ખરો ખ્યાલ હોવા સંભવ નથી અને તેથી તેના હાથે અન્યાય થવાનું જોખમ રહે છે.

ચી. ચ. શાહ : આણંદજી કલ્યાણજીની પેઢીનો દાખલો બાજુએ રાખીએ. ધારો કે મુંબઈના કોઈ પણ મંદિરના ટ્રસ્ટીઓ કોઈ નવું મંદિર બાંધવા માટે અથવા તો કોઈ જૂના મંદિરનો જીર્ણોદ્ધાર કરવા માટે પાંચ લાખ રૂપીઆનો ખર્ચ કરવા માંગે છે. આ બાબતમાં તેમનો નિર્ણય છેવટનો ગણાવો જોઈએ કે કેમ ?

ક. લા. : જીર્ણોદ્ધારની બાબતમાં તેમનો નિર્ણય છેવટનો ગણાવો જોઈએ. નવું મંદિર બાંધવા સંબંધમાં તમો કોઈ બંધન મૂકો તો તેના સામે મને કાંઈ પણ વાંધો નથી.

ચી. ચ. શાહ : આપ જીર્ણોદ્ધારનો અપવાદ શા માટે કરો છો ?

ક. લા. : આ બહુ અગત્યનો મુદ્દો છે અને જે મંદિરોની સંભાળ લેવાની છે તે એટલા મોટાં અને ભવ્ય હોય છે કે આપે સુચવેલ દખલગીરીથી કોઈ પણ અર્થ સરશે નહિ. પાંચસો રૂપીઆના પગારદાર કમીશ્નરને આ બાબતનો ખ્યાલ પણ શી રીતે આવવાનો છે ? હું કોઈ પણ જીર્ણોદ્ધારમાં પચ્ચીશ લાખ રૂપીઆ ખર્ચવા માગું છું એમ જો તે સાંભળે તો આ સાંભળીને તેનું હૃદય ચાલતું બંધ થઈ જશે કે કેમ તેની મને ખબર નથી. તેથી આ બાબત ટ્રસ્ટીઓના અભિપ્રાય ઉપર સર્વાંશે છોડવી જોઈએ અને સરકારની કોઈ પણ પ્રકારની દખલગીરી હોવી ન જોઈએ.

ચી. ચ. શાહ : પાંચ લાખનો કરવા ધારેલો ખર્ચ કેવળ દુર્વ્યય પણ હોઈ શકે છે.

ક. લા. આપ એમ કેમ કહી શકો ?

ચી. ચ. શાહ: તો પછી આ સંબંધમાં કોઈ એક ચોક્કસ સરકારી વ્યવસ્થા હોય તે વધારે પસંદગી યોગ્ય નથી ?

ક. લા. કોમની ધાર્મિક પ્રવૃત્તિમાં આ તો સીધી દખલગીરી ગણાય, અને તેનો તો વિરોધ જ કરવો જોઈએ.

ચી. ચ. શાહ : ટ્રસ્ટીની નીમણુંક કે ફેરબદલી એ દખલગીરી કહેવાય નહિ ?

ક. લા. કોઈ પણ નાલાયક ટ્રસ્ટીને દૂર કરીને તમો જાહેર ટ્રસ્ટનું બધું બરૂં રક્ષણ કરવા માંગતા હો તો એ રીતે સરકારનો જે અધિકાર છે એ જ કાર્ય તમો કરી રહ્યા છો, પણ હું અમુક રકમ જીર્ણોદ્ધાર માટે ખરચવા માંગું છું તેની સરકાર પાસેથી મારે મંજુરી મેળવવી જોઈએ એમ તમો જ્યારે સૂચવો છો ત્યારે મારા ધર્મના આચારવ્યવહારમાં તમો ચોક્કસપણે દખલગીરી કરી રહ્યા છો એમ જ મારે કહેવું રહ્યું.

ચી. ચ. શાહ : એક બીજો દાખલો લઈએ. દરેક મંદિરમાં કરવામાં આવતા ખર્ચો બે પ્રકારના હોય છે: નિત્ય અને નૈમિત્તિક.

For Private And Personal Use Only

દરેક મોટા મંદિરના વહીવટકર્તાઓએ ચાલુ દૈનિક ખર્ચમાં તેમને કેટલી રકમ જોઈશે અને વાર્ષિક ઉત્સવો પાછળ કેટલી રકમો જોઈશે તેનું બજેટ કમીશ્નર પાસે રજૂ કરવું જોઈએ કે કેમ એ સંબંધમાં આપ શું ધારો છો?

ક. લા. : બીલકુલ નહિ.

ચી. ચ. શાહ : ધારો કે ટ્રસ્ટીઓ મોટી રકમો ખરચે જાય છે અને તે કેવળ નાણાંનો દુર્વ્યય છે. આવા કીસ્સામાં સરકાર તરફથી કોઈ પણ પ્રકારના નિયંત્રણને આપ સંમત ન કરો?

ક. લા. : હું બીજા ધર્મ વિષે કશું પણ કહેવા ઈચ્છતો નથી. એમણે શું કરવું કે એમના વિષે તમારે શું કરવું તે તેમણે અને તમારે વિચારવાનું છે. હું તો અહિંઆ જૈનોનો જ પક્ષ રજૂ કરવા આવ્યો છું અને જૈનધર્મ કેમ ચાલે છે તે હું સમજું છું.

ચી. ચ. શાહ : જૈન ટ્રસ્ટો બહુ સારી રીતે ચાલે છે એ હું જાણું છું.

ક. લા. : સાહેબ, એ હું જાણતો નથી પણ હું આશા રાખું છું કે જૈન ટ્રસ્ટો સારી રીતે ચાલતા હશે!

ચી. ચ. શાહ: જો આવી કામ માટે એક નિયમ કરવામાં આવે તો જૈનોને તેમાંથી બાકાત રાખવામાં આવે એમ આપ ઈચ્છો છો?

ક. લા. : આ બાબત વિષે મે ખૂબ ભાર દઈને કહ્યું છે, કારણ કે જૈનોના ખ્યાલો અને રીતરિવાજો કાંઈ ભિન્ન પ્રકારના છે. ટ્રસ્ટોની જ્યાં ગેરવ્યવસ્થા થતી હોય ત્યાં તેના ઉપર જરૂર નિયંત્રણ મુકાવું જોઈએ પણ ધાર્મિક રીતરિવાજના સંબંધમાં ટ્રસ્ટીઓ ઉપર કોઈ પણ પ્રકારનું નિયંત્રણ હોવું ન જોઈએ.

ચી. ચ. શાહ: જો નકામી બાબતો ઉપર પૈસા ખરચવામાં આવતા હોય તો તે ગેરવ્યવસ્થા ન ગણાય?

ક. લા : નકામું કોને ગણવું તેનું આપ મને એક દાખલો આપશો? નકામું કહો છો તે શું તે મને સમજાતું નથી. કોઈપણ બાબતને નકામી કે કામની લેખવા માટે કાંઈક ધોરણ તો જોઈએ. આણંદજી કલ્યાણજીની પેઢીનો વહીવટ નજર કરો. તે પેઢી કેટલાયે મંદિરો સંભાળે છે અને તેનું વાર્ષિક બજેટ રૂપીઆ ત્રણ લાખ લગભગનું હોય છે, તે બજેટની વિગત નકામી લેખી શકાય એવી એક પણ આઈટમ મને બતાવો.

ચી. ચ. શાહ : મારો પ્રશ્ન સામાન્ય છે. આણંદજી કલ્યાણજીની પેઢીને ઉદ્દેશીને નથી.

ક. લા : એ સંબંધમાં મેં જણાવ્યું છે કે હું તો અહીંઆ જૈનો તરફથી રજૂઆત કરવા આવ્યો છું.

*

પ્રશ્નકાર : શ્રી નરીપાલ

ધારપુરે: નિયમો નક્કી કરવાનું ટ્રસ્ટીઓ ઉપર છોડવું જોઈએ, પણ નક્કી કર્યા બાદ તેના અમલમાં કંઈ ભંગ થતો હોય તો સરકાર દખલગીરી કરે તેમાં આપને વાંધો નથી એ પ્રકારની સમજણ બરોબર છે!

ક. લા. જો કોઈ પણ પ્રકારની ગેરવ્યવસ્થા ચાલતી હોય તો સરકાર ભલે દખલગીરી કરે.

ધારપુરે: ધારો કે રોશની પાછળ ઘણું તેલ વાપરવું તે બાબત બજેટમાં કરવામાં આવી છે. અને લગતી વીગતો એઓએ નક્કી કરી હોય, પણ જો તેના અમલમાં ગેરવ્યવસ્થા માલુમ પડે તો તરશો પડે કે નહીં?

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક. લા. : નહી સાહેબ, તેના અમલમાં એવી દખલગીરી થવી ન જોઇએ. જો કોઇ પણ પ્રકારની ઉચાપત થતી હોય અથવા તો કોઇ વ્યક્તિ તેમાંથી અંગત લાભ ઉઠાવતી હોય તો સરકાર જરૂર વચ્ચે પડે. પણ વિગતોના ચાલુ અમલમાં કોઇ પણ પ્રકારની દખલગીરી હોવી ન જોઇએ.

શેઠ કસ્તુર ભાઇએ આ મુદ્દા ઉપર પોતાની જુબાની આપતા વિશેષમાં જણાવ્યું કે–નાણાંની ઉચાપત કે કેવળ દુરુપયોગ થઇ રહ્યો હોય એવા સંજોગોમાં જ હું સરકારી દખલગીરી સંમત કરૂં. દાખલા તરીકે જૈનોમાં ભિક્ષા આપવાનો કોઇ રીતરિવાજ નથી. હવે ધારો કે આણંદજી કલ્યાણજી રૂ. ૩૦૦૦૦) જેવી મોટી રકમ આવતી કાલથી ભિક્ષા આપવા પાછળ ખરચવા માંડે છે. એ સંજોગમાં સરકાર જરૂર વચ્ચે પડી શકે છે અને કહી શકે છે કે 'આ તમારી સત્તા બહારની બાબત છે. એટલે આ અમે નહી થવા દઇએ.' સંક્ષેપમાં સરકારી દખલગીરી ઓછામાં ઓછી હોવી જોઇએ.

*

## પ્રશ્નકાર ચીમનલાલ ચકુભાઇ શાહ

ચી. ચ. શાહ : એવી ફરિયાદ કરવામાં આવે છે કે હિંદુઓને લાગુ પડતા કાયદાઓ જૈનોને વિનાકારણ લાગુ પાડવામાં આવે છે. આ સંબંધમાં અને ખાસ કરીને દેવદ્રવ્ય સંબંધમાં જે કાંઇ શાસ્ત્રીય ઉલ્લેખો હોય તે અમને જણાવવા કૃપા કરશો ?

ક. લા. : હાજી, પ્રયત્ન કરીશ.

ચી. ચ. શાહ: ધારો કે એમ માની લઇએ કે દેવદ્રવ્યનો મંદિર અને મૂર્તિ સિવાયના કોઇ પણ કાર્યોમાં ઉપયોગ થવો ન જોઇએ એમ જૈન શાસ્ત્રો કહે છે એમ છતાં પણ એવા ધાર્મિક ઉલ્લેખો બાજુએ રાખીને કાયદાથી એવી ગોઠવણ કરવામાં આવે છે કે જે કાંઇ વધારાનાં નાણાં હોય તે સામાજિક કાર્યોમાં વપરાવા જોઇએ તો યોગ્ય નહી ગણાય ? હરિજનો સંબંધમાં પણ ધાર્મિક પ્રતિબંધોની ઉપેક્ષા કરીને જ કાયદાથી તેમને મંદિરપ્રવેશનો હક્ક આપવામાં આવ્યો છે એ આપ જાણો છો ?

ક. લા. : સાહેબ, મારા અંગત અભિપ્રાય તરીકે હું એમ રજૂ કરવાની રજા લઉં છું કે દેશના સમગ્ર હિતની ખાતર હિંદુ અને જૈન સંસ્કૃતિ જેવી છે તે જ સ્વરૂપે આપણે તેને જાળવવી જોઇએ અને એની સાથે આપણે કોઇ પણ જાતની રમત કરવી ન જોઇએ. તમે કહો છો તેનું પરિણામ તો જે ધાર્મિક ખ્યાલો અને માન્યતાઓ અમને હજારો વર્ષથી વારસામાં મળ્યા છે તેની સાથે ખેલ ખેલવા જેવું છે અને એક વખત એ રીતનો વર્તાવ શરૂ કરવામાં આવે તો પછી એનો છેડો ક્યાં આવે તે કોઇ કહી શકે તેમ નથી. હું આ બાબતની મક્કમપણે વિરુદ્ધ છું.

ચી. ચ. શાહ : દરેક સુધારા સામે શરૂઆતમાં તો વિરોધ જ હોય છે.

ક. લા. : આ બાબતને સુધારો કહેવો એ બરોબર નથી એમ મને લાગે છે. ટ્રસ્ટો ચોક્કસ હેતુ માટે ઊભા કરવામાં આવે છે અને તેની પાછળ ચોક્કસ ભાવના અને લાગણી હોય છે. એ ભાવના અને લાગણી ઉપર તમો એક વખત ફાવે તેમ પ્રહાર કરવા માંડશો તો પછી ચેરીટીઓ માટે ફંડ મેળવવાનું મુશ્કેલ બની જશે.

ચી. ચ. શાહ : મદ્રાસ બાજુ આવેલ તીરૂપતિના મંદિરનાં વધારાનાં નાણાંમાંથી પાંચ મોટી શિક્ષણ સંસ્થાઓ આજે ચાલી રહી છે અને તે સંસ્થાઓમાં હિંદુ ન હોય તેવાને પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દાખલ કરવામાં આવે છે અને તેમ કરવાથી હિંદુ સંસ્કૃતિ કે ધર્મને કોઈ પણ પ્રકારનો ધક્કો લાગ્યો નથી. જૈનો આથી કોઈ અલગ પ્રકારના હોય એમ હું માનતો નથી.

ક. લા. : તીરૂપતિ મંદિર વિષે મને કશી ખબર નથી.

ચી. ન. શાહ : ગેરીટેબલ ટ્રસ્ટમાં કેટલાક કેવળ ધાર્મિક હોય છે અને કેટલાક સામાજિક હોય છે. ધાર્મિક ટ્રસ્ટો સાથે ચોક્કસ પ્રકારની ભાવના અને લાગણી જોડાયેલી હોય છે એ હું કબૂલ કરું છું, પણ જેને આવી ભાવના કે લાગણી સાથે કશો સંબંધ નથી એવા શૈક્ષણિક, વૈદકીય અથવા તો અન્ય પ્રકારની સંસ્થાઓને લગતા ટ્રસ્ટો સંબંધમાં ચેરીટી કમીશનરને વધારે સત્તા હોવી જોઈએ એમ આપ માનો છો કે નહિ? આવા ટ્રસ્ટો સંબંધમાં ઓડિટ રજુ કરવાની ફરજ પાડવી તેમ જ ચાલુ હિસાબ પર દેખરેખ રાખવાની સત્તા ચેરીટી કમીશનરને હોવી જોઈએ એ આપ સંમત કરો છો કે નહિ?

ક. લા. : સરકાર અને સરકારી તંત્રની હું તો ઓછામાં ઓછી દખલગીરી પસંદ કરું. વધારે દખલગીરી દાખલ કરીને તમે લોકોને વધારે ને વધારે પાંગળા બનાવશો અને એ રીતે તમારા હાથે દેશની ચોક્કસ કુસેવા થવાની.

ચી. ન. શાહ: પણ લોકો અથવા તો ટ્રસ્ટીઓ પર જ કેવળ આધાર રાખીને ચાલવાનાં તો ભયંકર પરિણામો આવ્યાં છે

ક. લા. : એ તો આંકડાઓ અને દાખલાઓથી પુરવાર થવું જોઈએ.

ત્યારબાદ કમીટીના પ્રમુખે આને લગતા કોર્ટમાં જે સંખ્યાબંધ કેસો થાય છે તે તરફ શેઠ કસ્તુરભાઈનું ધ્યાન ખેંચ્યું હતું.

ચી. ન. શાહ : ઘણા મોટા દેરાસરોના ચોપડાઓમાં "શુભ ખાતુ" એ નામનું ખાતું હોય છે. આ ખાતામાં દર્શાવેલી રકમના વહીવટ ઉપર કોઈ પણ જાતનું નિયંત્રણ હોવું આપ ઈષ્ટ માનો છો ખરા?

ક. લા. : જેવા તમો એમ કરવા લાગશો કે તુરત જ એ ખાતાઓ અદૃશ્ય થઈ જશે. આપે ઓછામાં ઓછી દખલગીરીના ધોરણે જ આ બધી બાબતનો વિચાર કરવો જોઈએ. ત્યારબાદ શેઠ કસ્તુરભાઈએ આખી કમીટીને આબૂ પર્વત તેમજ રાણકપુરની મુલાકાત લેવાની ફરીને વિનંતિ કરતા જણાવ્યું કે—એ પ્રવાસ આપ ત્રણ દિવસમાં પૂરો કરી શકશો. એમ કરવાથી આપ જાતે આ મંદિરોનો વહીવટ કેમ ચાલે છે તે જોઈ શકશો અને તેને સારી સ્થિતિમાં રાખવા માટે નાણાંની કેટલી જરૂર છે તેનો પણ આપ ખ્યાલ લઈ શકશો. કોઈ પણ જાતનો નિર્ણય લેવાયા પહેલા કમીટીએ આ સ્થળો જોવા જોઈએ એમ હું ધારું છું. અને જો એમ કરવામાં આવશે તો જે વિચારો હું ધરાવું છું એ જ વિચારો ઉપર આપની કમીટી આવશે એવી મને ખાત્રી છે.

કમીટીના પ્રમુખે આ નિમંત્રણ બદલ શેઠ કસ્તુરભાઈનો ઉપકાર માન્યો અને જુબાનીનું કામ પૂરું થયું. ( પ્રબુદ્ધ જૈન )

---

# દેવસીરાઈ પ્રતિક્રમણ—સાર્થ.

જેમાં શબ્દાર્થ–અન્વયાર્થ–ભાવાર્થ અને ઉપયોગી ફુટનોટ આપવામાં આવી છે. શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ અને **રાજનગરની** ધાર્મિક પરીક્ષાનો કોર્સ પણ દાખલ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઉપયોગી થઈ પડે તેવી શૈલી રાખવામાં આવી છે; છતાં કીંમત રૂા. ૨-૪-૦ લખો—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

# ઉપયોગી નાની પુસ્તિકાઓ

| | | | |
|---|---|---|---|
| તાને પત્રે | ૦-૬-૦ | પ્રશમરતિ પ્રકરણ-સાર્થ | ૦-૩-૦ |
| રત્ન સંગ્રહ ભાગ ૨ | ૦-૬-૦ | અર્હન્નામસમુચ્ચય | ૦-૩-૦ |
| ,, ,, ૩ | ૦-૬-૦ | જિનસહસ્ર નામ | ૦-૩-૦ |
| રૂપ ચરિત્ર | ૦-૬-૦ | જંબુદ્વીપસમાસ | ૦-૩-૦ |
| ને સરલ પ્રશ્નોત્તર ભાગ ૨ | ૦-૫-૦ | ભાવલોકપ્રકાશ | ૦-૨-૦ |
| ,, ,, ૩ | ૦-૫-૦ | જૈન વિવાહ વિધિ | ૦-૨-૦ |
| ,, ,, ૪ | ૦-૫-૦ | બાર ભાવનાની સજ્ઝાયો | ૦-૨-૦ |
| દજી ભાગ ૨ જો | ૦-૪-૦ | તત્ત્વામૃત ગ્રંથ | ૦-૨-૦ |
| ચરિત્ર | ૦-૪-૦ | પ્રાકૃત ભાષાની ઉપયોગિતા | ૦-૨-૦ |
| લક સંગ્રહ | ૦-૪-૦ | ઉપધાન વિધિ | ૦-૨-૦ |
| વેદી પૂજા | ૦-૪-૦ | મનુષ્ય ભવના દશ દૃષ્ટાંત | ૦-૨-૦ |
| ચાર પત્રો | ૦-૪-૦ | આદિજિન પંચકલ્યાણકપૂજા | ૦-૪-૦ |
| દિશાની તીર્થમાળા | ૦-૪-૦ | શ્રી ગિરનારજી તીર્થનો પરિચય | ૦-૪-૦ |
| સંગ્રહ | ૦-૪-૦ | નયવાદ | ૦-૩-૦ |
| ત પ્રકરણ | ૦-૪-૦ | શિવભૂતિ | ૦-૪-૦ |
| પાલ ચરિત્ર | ૦-૪-૦ | આત્મવાદ | ૦-૧૦-૦ |
| મ જ્યોતિ | ૦-૪-૦ | વિચારસૌરભ | ૦-૩-૦ |
| ર્શ્વનાથનો વિવાહલો | ૦-૪-૦ | ધનપાલપંચાશિકા | ૦-૪-૦ |
| માળા | ૦-૪-૦ | પાક્ષિક અતિચાર | ૦-૪-૦ |
| સતીનો રાસ | ૦-૪-૦ | વ્યવહાર કૌશલ્ય ભાગ ૧ લો તથા ૨ જો | ૦-૬-૦ |
| સંગ્રહ | ૦-૪-૦ | નવપદજીની પૂજા (પદ્મવિજયજી) | ૦-૪-૦ |
| રનામાવળી | ૦-૪-૦ | બારવ્રતની પૂજા | ૦- -૦ |
| પ્રકરણ | ૦-૪-૦ | શારદાપૂજન વિધિ | ૦-૧-૦ |
| ર મહામંત્ર માહાત્મ્ય | ૦-૪-૦ | પં. શ્રી વીરવિજયજી જીવનચરિત્ર | ૦-૨-૦ |
| મ બારાક્ષરી | ૦-૩-૦ | શ્રી વૃદ્ધિચંદ્રજી જીવનચરિત્ર | ૦-૪-૦ |
| ામાયક સૂત્ર | ૦-૩-૦ | ઉપદેશસપ્તતિકા | ૦-૪-૦ |
| યોગ્ય આચારવિચાર | ૦-૩-૦ | ગૌતમસ્વામી રાસ | ૦-૨-૦ |

લખો:—શ્રી જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઈ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only